dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 287 | AD - 2026, Ashadh Sud - 09 | Thursday, Dt. 23-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કોંગ્રેસે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને જવાબદાર ઠેરવી તેમને પદ પરથી દૂર કરવાની માંગ કરી

# ૧૦ વર્ષમાં ૧૫૨ પેપર લીક થયા, એક પણ આરોપીને સજા નહીં: રાહુલ ગાંધી



નવીદિલ્હી, તા.૨૨

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ નવી દિલ્હીના કોંગ્રેસ મુખ્યાલય ઈન્દિરા ભવન ખાતે પત્રકાર પરિષદ યોજી કેન્દ્ર સરકાર પર આકરા આક્ષેપો કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન, પેપર લીકની ઘટનાઓ અને દેશની શિક્ષણ વ્યવસ્થાને લઈને સરકારની નીતિઓ પર સવાલો ઉઠાવ્યા હતા.

રાહુલ ગાંધીએ પોતાના સંબોધન પહેલાં વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીના વીડિયો દર્શાવ્યા હતા. તેમણે કહ્યું કે દેશભરના વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ રીતે પોતાની માંગણીઓ રજૂ કરી રહ્યા છે, પરંતુ તેમની સાથે ગુનેગારો જેવું વર્તન કરવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓ માત્ર ન્યાયી અને વિશ્વસનીય પરીક્ષા વ્યવસ્થાની માંગ કરી રહ્યા છે, જે તેમનો અધિકાર છે.

તેમણે આરોપ લગાવ્યો કે પેપર લીક જેવી ઘટનાઓને કારણે લાખો વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો માનસિક તણાવનો સામનો કરી રહ્યા છે. રાહુલ ગાંધીએ દાવો કર્યો કે છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં ૧૫૨ વખત પ્રશ્નપત્રો લીક થયા છે, પરંતુ એક પણ કેસમાં કોઈ આરોપીને સજા કરવામાં આવી નથી.

કોંગ્રેસ નેતાએ કહ્યું કે દરેક પેપર લીક બાદ વિદ્યાર્થીઓને ફરીથી તૈયારી કરવી પડે છે અને તેમની મહેનત તથા સમયનો બગાડ થાય છે. તેમણે આરોપ લગાવ્યો કે સરકાર વિદ્યાર્થીઓની સમસ્યાઓને ગંભીરતાથી લઈ રહી નથી અને શિક્ષણ વ્યવસ્થામાં સતત ખામીઓ વધી રહી છે.

રાહુલ ગાંધીએ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને જવાબદાર ઠેરવી તેમને પદ પરથી દૂર કરવાની માંગ કરી હતી. તેમણે જણાવ્યું કે પેપર લીક રોકવામાં નિષ્ફળ રહેલા લોકોને જવાબદાર ઠેરવવા જોઈએ અને વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરનારા અધિકારીઓ સામે પણ પગલાં લેવા જોઈએ. તેમણે સરકારને વિદ્યાર્થીઓ સાથે બનેલી ઘટનાઓ બદલ માફી માંગવાની માંગ કરી હતી. તેમણે કહ્યું કે શિક્ષણ વ્યવસ્થા દેશની સૌથી મોટી સંપત્તિ છે અને જો તેમાં વિશ્વાસ ઘટશે તો દેશના ભવિષ્ય પર તેની સીધી અસર પડશે. રાહુલ ગાંધીએ દાવો કર્યો કે પેપર લીકની ઘટનાઓથી કરોડો વિદ્યાર્થીઓ પ્રભાવિત થયા છે, જેમાં મધ્યમ વર્ગ અને ગરીબ પરિવારોનો મોટો હિસ્સો છે.

રાહુલ ગાંધીએ શિક્ષણ ખર્ચ અંગે પણ સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે સામાન્ય પરિવારો પોતાના બાળકોના શિક્ષણ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી પાછળ મોટી રકમ ખર્ચે છે, પરંતુ પેપર લીક થવાથી તેમની મહેનત અને નાણાં બંને બરબાદ થાય છે.તેમણે યુવાનો સામે રોજગારનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. રાહુલ ગાંધીએ કહ્યું કે અભ્યાસ પૂર્ણ કર્યા બાદ પણ યુવાનોને યોગ્ય રોજગારીની તકો મળતી નથી. તેમણે ઉત્પાદન ક્ષેત્ર, ખાનગીકરણ અને નવી ટેકનોલોજીના કારણે ઊભી થતી રોજગારની સમસ્યાઓ અંગે સરકારને ઘેરી હતી.

રાહુલ ગાંધીએ જણાવ્યું કે કોંગ્રેસ વિદ્યાર્થીઓની માંગણીઓ સાથે ઉભી છે અને શાંતિપૂર્ણ વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓની વાત સાંભળવી જોઈએ. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓ કોઈ રાજકીય હેતુથી નહીં પરંતુ પોતાના ભવિષ્યની ચિંતા માટે રસ્તા પર ઉતરી રહ્યા છે.

# વિદ્યાર્થીઓના મુદ્દે વિપક્ષી સાંસદો કાળા કપડાંમાં સંસદભવન પહોંચ્યા




નવી દિલ્હી, તા.૨૨

વિદ્યાર્થીઓના પ્રશ્નો, પેપર લીક અને વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી પોલીસ કાર્યવાહીના મુદ્દે બુધવારે વિપક્ષે સંસદમાં જોરદાર વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસ સહિતના અનેક પક્ષોના સાંસદો કાળા કપડાં પહેરી સંસદ પહોંચ્યા અને મકર દ્વાર પાસે પ્રદર્શન કર્યું. વિપક્ષે આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકાર વિદ્યાર્થી આંદોલનોને દબાવવાનો પ્રયાસ કરી રહી છે અને શિક્ષણ સંબંધિત પ્રશ્નોને ગંભીરતાથી લઈ રહી નથી. કોંગ્રેસના સાંસદ કે. સુરેશે જણાવ્યું કે રાહુલ ગાંધી અને અન્ય સાંસદો સામે થયેલી પોલીસ કાર્યવાહીના વિરોધમાં કાળા કપડાં પહેરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આરજેડીના સંજય યાદવે સરકાર પર પેપર લીક, વધતી બેરોજગારી અને યુવાનોના ભવિષ્ય સાથે ચેડાં કરવાનો આરોપ લગાવ્યો હતો.

મંગળવારે દિલ્હી સહિત દેશના અનેક શહેરોમાં કોંગ્રેસે વિરોધ પ્રદર્શન કર્યા હતા. કોંગ્રેસના નેતાઓએ રાજાજી માર્ગથી લોક કલ્યાણ માર્ગ સુધી કૂચ કરીને પેપર લીક કેસમાં જવાબદારી નક્કી કરવા, વિદ્યાર્થી વિરોધીઓ સામેની પોલીસ કાર્યવાહીની તપાસ અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી હતી. વિરોધ દરમિયાન રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિત અનેક નેતાઓને અટકાયતમાં લેવામાં આવ્યા હતા, જોકે બાદમાં તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. વિપક્ષે સરકાર પર લોકશાહી અવાજ દબાવવાનો આરોપ લગાવતા આંદોલન ચાલુ રાખવાની ચેતવણી આપી હતી.

# આંધ્રપ્રદેશમાં ફરી કોવિડ-૧૯ના કેસોમાં થયો વધારો, ૭ નવા કેસ નોંધાતા કુલ સંખ્યા ૨૬ થઈ



હૈદરાબાદ, તા.૨૨

આંધ્રપ્રદેશમાં કોવિડ-૧૯ના વધુ ૭ નવા કેસ નોંધાતા રાજ્યમાં કુલ સક્રિય દર્દીઓની સંખ્યા ૨૬ પર પહોંચી છે.

આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ નવા કેસોમાં ગુંટુરના ૪, પૂર્વ ગોદાવરીના ૨ અને બાપટલાનો ૧ કેસ સામેલ છે. વિભાગે જણાવ્યું કે રાજ્યમાં ક્યાંય ક્લસ્ટર ફેલાયું નથી અને તમામ કેસ અલગ અલગ વિસ્તારોમાંથી સામે આવ્યા છે.

રાજ્યમાં અત્યાર સુધી ૧૪૫ નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.

હાલમાં ૧૦ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, ૯ દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે, જ્યારે ૩ દર્દીઓ સ્વસ્થ થઈ ઘરે પરત ફર્યા છે. અત્યાર સુધી ચાર દર્દીઓના મોત થયા છે, જોકે આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ તમામ મૃતકો અગાઉથી ગંભીર બીમારીઓથી પીડાતા હતા.જિલ્લાવાર કેસોમાં કડપ્પામાં સૌથી વધુ ૮, ગુંટુરમાં ૬, પૂર્વ ગોદાવરીમાં ૩, કાકીનાડા અને બાપટલામાં ૨-૨ તેમજ વિશાખાપટ્ટનમ, એલુરુ, નેલ્લોર, એનટીઆર અને પાર્વતીપુરમ મન્યમમાં ૧-૧ કેસ નોંધાયા છે. આરોગ્ય વિભાગે લોકોને સાવચેતી રાખવા, લક્ષણો જણાય તો તાત્કાલિક તપાસ કરાવવા અને જરૂરી આરોગ્ય માર્ગદર્શિકાનું પાલન કરવાની અપીલ કરી છે.

### અમરનાથ યાત્રા સતત ત્રીજા દિવસે સ્થગિત, બાલતાલ અને ચંદનવારી માર્ગ પર યાત્રાળુઓની અવરજવર રોકી દેવાઈ

# જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદને કારણે બે દિવસમાં ૨૨ લોકોના મોત



શ્રીનગર, તા.૨૨

જમ્મુ-કાશ્મીરમાં સતત વરસી રહેલા ભારે વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું છે. છેલ્લા બે દિવસમાં ભૂસ્ખલન, કાદવ ધસી પડવા અને અચાનક પૂરની અલગ અલગ ઘટનાઓમાં ૨૨ લોકોના મોત થયા છે, જ્યારે અનેક લોકો ગુમ હોવાનું જણાવાયું છે. હવામાન વિભાગે ૨૩ જુલાઈ સુધી ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપતાં લોકોમાં સાવચેતી રાખવા અપીલ કરી છે.

પ્રતિકૂળ હવામાનને કારણે અમરનાથ યાત્રા સતત ત્રીજા દિવસે સ્થગિત રાખવામાં આવી છે. બાલતાલ અને ચંદનવારી માર્ગ પર યાત્રાળુઓની અવરજવર રોકી દેવામાં આવી છે. બીજી તરફ વૈષ્ણો દેવી અને શિવખોડી યાત્રા પણ સલામતીના કારણોસર બંધ રાખવામાં આવી છે. દૂધ ગંગા નદીમાં પાણીનું સ્તર વધતાં યાત્રા માર્ગો જોખમી બન્યા છે.

ભારે વરસાદથી અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે, વાહનો કાટમાળમાં વહી ગયા છે અને અનેક ઘરોને નુકસાન પહોંચ્યું છે. તાજેતરમાં પૂંચ જિલ્લામાં ભૂસ્ખલનથી એક જ પરિવારના સાત સભ્યોના મોત થયા હતા. અનેક વિસ્તારોમાં વરસાદના કારણે સ્થિતિ ગંભીર બની છે. વહીવટી તંત્રે નદી-નાળાઓથી દૂર રહેવા, બિનજરૂરી મુસાફરી ટાળવા અને સત્તાવાર સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે. યાત્રાળુઓ માટે વિવિધ સ્થળોએ નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. હવામાન સામાન્ય બન્યા બાદ અને માર્ગ સુરક્ષિત જાહેર થયા પછી જ યાત્રાઓ ફરી શરૂ કરવામાં આવશે. પ્રશાસન સતત સ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને સંવેદનશીલ વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી તેજ કરવામાં આવી છે.

# વિદ્યાર્થીઓનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ થઈ રહ્યો છે : રાજનાથ સિંહ




નવી દિલ્હી, તા.૨૨

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું કે કેટલાક લોકો વિદ્યાર્થીઓ અને યુવાનોનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે સરકાર તમામ મુદ્દાઓ પર સંસદમાં ચર્ચા કરવા તૈયાર છે, પરંતુ વિપક્ષે શેરીઓના બદલે ગૃહમાં ચર્ચા કરવી જોઈએ. સરકાર વિદ્યાર્થીઓના હિતોની સંપૂર્ણ સુરક્ષા માટે પ્રતિબધ્ધ હોવાનું પણ તેમણે જણાવ્યું.









**નવા હોદ્દેદારોએ માનવસેવા અને સમાજકલ્યાણના કાર્યોને વધુ ગતિ આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો**

# લાયન્સ ક્લબ ઓફ અમરેલી (રોયલ)નો પદગ્રહણ સમારોહ યોજાયો










અમરેલી,તા.૨૨

લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલનો નવા કાર્યકાળ માટેનો ભવ્ય પદગ્રહણ (ઈન્સ્ટોલેશન) સમારોહ ઉત્સાહભેર અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો. સમારોહ દરમિયાન ક્લબના નવા હોદ્દેદારોએ હોદ્દાના શપથ ગ્રહણ કર્યા અને આગામી સમયમાં માનવસેવા, સામાજિક જવાબદારી અને લોકકલ્યાણના કાર્યોને વધુ અસરકારક રીતે આગળ વધારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં લાયન્સ પરિવાર ઉપરાંત શહેરના અગ્રણી મહાનુભાવો, સામાજિક કાર્યકરો અને આમંત્રિત મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમારોહમાં લાયન્સ ક્લબ ઓફ અમરેલી(રોયલ)ના પ્રમુખ તરીકે રાકેશ નાકરાણી, રાજેશ ગઢીયાએ સેક્રેટરી તરીકે તેમજ રોહિત મહેતાએ ખજાનચી તરીકે હોદ્દાના શપથ લીધા હતા. નવા હોદ્દેદારોને લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨-જેના ગવર્નર લાયન હાર્દિક મહેતાએ સત્તાવાર રીતે શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે ક્લબના નવા નેતૃત્વને શુભકામનાઓ પાઠવતા મહાનુભાવોએ જણાવ્યું હતું કે લાયન્સ ક્લબ હંમેશા સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહી છે અને નવા કાર્યકાળમાં પણ સમાજને ઉપયોગી એવા અનેક લોકહિતના કાર્યો હાથ ધરવામાં આવશે. કાર્યક્રમના ઉદ્ઘાટક તરીકે ગુજરાત રાજ્યના ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ મહેમાન તરીકે પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન વસંતભાઈ મોવલિયાએ હાજરી આપી હતી. તેમણે પોતાના સંબોધનમાં લાયન્સ ક્લબ દ્વારા કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી અને નવા હોદ્દેદારોને સમાજહિતના કાર્યોમાં સતત સક્રિય રહેવા પ્રેરણા આપી હતી.સમારોહમાં અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, સંજોગ ન્યુઝના તંત્રી સુરેશભાઈ દેસાઈ, ખોડલધામ અમરેલી જિલ્લાના પ્રમુખ રમેશભાઈ કાથરોટીયા, જુનાગઢ મંદિરના ટ્રસ્ટી રાજેશભાઈ માંગરોળિયા, સારથિ યુથ ક્લબ અને તપોવન આશ્રમના ફાઉન્ડર મુકેશભાઈ સંઘાણી, સમાજ અગ્રણીઓ કાંતિભાઈ વઘાસિયા અને દિનેશભાઈ ભુવા, ઝોન ચેરમેન કૌશિકભાઈ હપાણી, રીજન ચેરમેન વિજય વસાણી, ચાઈલ્ડહૂડ કેન્સરના ડિસ્ટ્રિક્ટ ચેરમેન લાયન જયેશ પંડ્યા, લાયન્સ ક્લબ સિટીના પ્રમુખ લાયન નરોતમભાઈ સાકરીયા તેમજ લાયન્સ ક્લબ મેઈનના પ્રમુખ લાયન જતીનભાઈ સુખડિયા, ડીસ્ટ્રીકટ સેક્રેટરી પરેશભાઈ કાનપરીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહાનુભાવોએ નવા હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી અને ક્લબની સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વ્યાપક બનાવવાની શુભકામનાઓ વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિવ્યેશ વેકરીયા અને ભરત બાવીસીએ કર્યું હતું. સમારોહમાં લાયન્સ પરિવારના સભ્યો, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, સામાજિક આગેવાનો અને મોટી સંખ્યામાં આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિએ કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. સમગ્ર આયોજન સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થયું હતું અને ઉપસ્થિતોએ નવા કાર્યકાળ માટે ક્લબને શુભેચ્છાઓ પાઠવી હતી.

## રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલની દીકરીઓ તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવી




અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લાના ધારી ખાતે યોજાયેલી રમતગમત સ્પર્ધામાં ચલાલાની દીકરીઓએ ઝળહળતી સફળતા મેળવી છે. ધારી મુકામે યોજાયેલી ૭૦મી અખિલ ભારતીય શાળાકીય રમતો અંતર્ગત તાલુકા કક્ષાની અંડર-૧૪ ગર્લ્સ કબડ્ડી સ્પર્ધામાં યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ – ચલાલા સંચાલિત રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલની ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. ડૉ. રતિદાદાના આશીર્વાદ અને ભારતભૂષણ મહેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ ચાલતી આ શાળામાં અભ્યાસની સાથે દીકરીઓમાં ખેલદિલી અને શિસ્ત ખીલે તે માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. શાળાના PTI હેતલબેન બારૈયાની આકરી મહેનત અને યોગ્ય તાલીમને લીધે બહેનોએ આ સિધ્ધિ મેળવી છે.

## આઈટીઆઈ રાજુલા ખાતે આજે કેમ્પસ ઈન્ટરવ્યું યોજાશે

અમરેલી,તા.૨૨

આઈ.ટી.આઈ, રાજુલા ખાતે તા. ૨૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ઈન્ડો એશિયા કોપર લિમિટેડ, લુણસાપુર દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી પ્રક્રિયામાં ફિટર, મિકેનિક મેન્ટેનન્સ કેમિકલ પ્લાન્ટ અને એટેન્ડન્ટ ઓપરેટર કેમિકલ પ્લાન્ટ ટ્રેડ માટે દરેકમાં ૨૦-૨૦ જગ્યાઓ ઉપલબ્ધ રહેશે. આ ટ્રેડમાં પાસઆઉટ થયેલા તેમજ ચાલુ વર્ષે પરીક્ષા આપેલા તાલીમાર્થીઓ કેમ્પસ ઈન્ટરવ્યૂમાં ભાગ લઈ શકશે. પસંદગી પામનાર તાલીમાર્થીઓને પ્રથમ વર્ષ દરમિયાન રૂ. ૧૫,૫૦૦ પ્રતિ માસ સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવશે. ઉપરાંત કંપની દ્વારા રહેઠાણ, પરિવહન તેમજ સબસિડાઈઝ્ડ કેન્ટીન જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમ આચાર્યશ્રી આઈ.ટી.આઈ રાજુલાએ એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## સાવરકુંડલા ઉતાવળા હનુમાન મંદિરે સર્વરોગ આયુર્વેદ નિદાન કેમ્પ યોજાયો



સાવરકુંડલા,તા.૨૨

સાવરકુંડલાના હાથસણી રોડ સ્થિત ઉતાવળા હનુમાન મંદિર ખાતે સરકારી આયુર્વેદ દવાખાનું (ઘોબા) અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સંચાલિત ડૉક્ટર હેડગેવાર સેવા સમિતિ-સાવરકુંડલાના સહયોગથી સર્વરોગ આયુર્વેદ કેમ્પ યોજાયો હતો. તારીખ ૨૨/૦૭/૨૦૨૬ના રોજ યોજાયેલા આ કેમ્પમાં મોટી સંખ્યામાં દર્દીઓએ હાજરી આપી આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો. કેમ્પમાં નિદાન સાથે વિનામૂલ્યે ઔષધ સારવાર આપવામાં આવી હતી તેમજ આયુર્વેદના દિનચર્યા અને ઋતુચર્યા અંગે માર્ગદર્શન અપાયું હતું. વૈદ્ય કૌશલ ગોંડલીયા સહિત સેવાભાવી કાર્યકરોએ સેવા આપી કેમ્પને સફળ બનાવ્યો હતો.

## અમરેલીમાં માય ભારત પોર્ટલ પર યુવાનોના નોંધણી માટે કલેક્ટરે આપ્યું માર્ગદર્શન




અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને મેરા યુવા ભારત (MY Bharat) અંતર્ગત જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ૧૫થી ૨૯ વર્ષની વયના વધુમાં વધુ યુવાનોને માય ભારત પોર્ટલ સાથે જોડવા માટે વિવિધ વિભાગોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજો, એનએસએસ, એનસીસી, રમતગમત વિભાગ તેમજ યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગને નોંધણી અભિયાનને વધુ અસરકારક બનાવવા સૂચના આપવામાં આવી હતી. આ દરમિયાન માય ભારત પોર્ટલના નોંધણી અભિયાનના પોસ્ટરનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું.

## ટી.પી.એન. અને એમ.ટી. ગાંધી સરકારી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓએ વારસાની રમતો 'આનંદોત્સવ'માં ટ્રોફીઓ જીતી



અમરેલી,તા.૨૨

અમરેલીમાં કલ્ચરલ અને રમતગમત ક્ષેત્રે વિદ્યાર્થિનીઓએ સિદ્ધિ હાંસલ કરી છે. કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ-અમરેલી દ્વારા આયોજિત વારસાની રમતો 'આનંદોત્સવ-૨૦૨૬'માં ટી.પી. એન અને એમ.ટી. ગાંધી સરકારી ગર્લ્સ હાઈસ્કૂલની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં મ્યુઝિકલ ચેર, લીંબુ ચમચી, કોથળા દોડ, સ્લો સાયકલિંગ, ત્રિપગી દોડ અને રસ્સા ખેંચ જેવી પરંપરાગત રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને શિલ્ડ તેમજ ટ્રોફીઓ જીતી શાળાનું નામ રોશન કર્યું છે. આ સફળતા બદલ શાળાના નિયામક અરૂણાબેન માલાણી, આચાર્ય ક્રિષ્નાબેન અને સ્ટાફગણે બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.


Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)




વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# અમરેલીમાં યુવક પર વિધર્મીઓએ જીવલેણ હુમલો કરી લૂંટ ચલાવી




અમરેલી,તા.૨૨

અમરેલી શહેરમાં ગઈ કાલે મોડી રાત્રે એક યુવક પર જીવલેણ હુમલો કરી તેના ગળામાંથી સોનાની ચેન અને ખિસ્સામાં રહેલી રોકડ લૂંટી લેવામાં આવી હોવાની ગંભીર ઘટના સામે આવી છે. આ બનાવ બાદ શહેર પોલીસ મથકે લૂંટ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે અને આરોપીઓને ઝડપી પાડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ફરિયાદી ચિરાગભાઈ હરિભાઈ ગોહિલના જણાવ્યા મુજબ તેઓ દૂધ લઈને જેસિંગપરા તરફ જઈ રહ્યા હતા ત્યારે સામેથી ખોટી દિશામાં આવેલા જાવેદભાઈ અને સોહિલભાઈ નામના બે શખસોએ તેમની મોટરસાયકલ રોકી ગાડીની ચાવી કાઢી લીધી હતી. ત્યારબાદ તેમની સાથે ગાળો બોલી મારપીટ કરવામાં આવી હતી. હુમલા દરમિયાન તેમના હાથમાં ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી તેમજ પથ્થર વડે હુમલો કરી જાનથી મારી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. હુમલાખોરો તેમના ખિસ્સામાં રહેલા ૧૯ હજાર રૂપિયા રોકડા તેમજ અંદાજે ૫૦ હજાર રૂપિયાની કિંમતની સોનાની ચેન લૂંટી ફરાર થઈ ગયા હતા.ઈજાગ્રસ્ત ચિરાગભાઈને તાત્કાલિક અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. બાદમાં ચિરાગભાઈએ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.ઘટનાના પગલે હિન્દુ સંગઠનોના આગેવાનો, કાર્યકરો અને મોટી સંખ્યામાં સ્થાનિક લોકો મધરાતે પોલીસ મથકે પહોંચ્યા હતા. તેઓએ ઘટનાની ગંભીરતા મુજબ કડક કલમો ઉમેરવાની માંગ કરી હતી. માંગણીઓનો યોગ્ય પ્રતિસાદ ન મળતા લોકોએ પોલીસ મથકના પરિસરમાં સતત રામધૂન બોલાવી વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ વિરોધ લગભગ ત્રણ કલાક સુધી ચાલુ રહ્યો હતો. સામાજિક કાર્યકર સંજયભાઈ પોકળે જણાવ્યું હતું કે ટાવર રોડથી પાણી દરવાજા સુધીના વિસ્તારમાં અસામાજિક તત્વોનો આતંક વધી રહ્યો છે અને લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. તેમના જણાવ્યા મુજબ ચિરાગભાઈ પર અત્યંત ગંભીર હુમલો કરવામાં આવ્યો હતો.ઘટનાની જાણ થતાં જિલ્લા પોલીસ વડાની સૂચનાથી નાયબ પોલીસ અધિકારી ચિરાગ દેસાઈ પોલીસ મથકે પહોંચ્યા હતા. તેમણે આગેવાનો અને સ્થાનિકોની રજૂઆતો સાંભળી સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવાની તથા પીડિતને ન્યાય અપાવવાની ખાતરી આપી હતી. ત્યારબાદ વિરોધ સમેટવામાં આવ્યો હતો. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

**હુમલા બાદ પોલીસ મથકે હિન્દુ સંગઠનોએ રામધૂન સાથે વિરોધ નોંધાવ્યો**


# અમરેલીના રંગપુરમાં વાહકજન્ય રોગો સામે જાગૃતિ અભિયાન શરૂ



અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. એમ. જોષી, જિલ્લા મેલેરિયા અધિકારી ડો. એ. કે. સિંહ અને તાલુકા આરોગ્ય અધિકારી એસ. બી. સતાણીના માર્ગદર્શન હેઠળ રંગપુર ગામમાં વાહકજન્ય રોગોના નિયંત્રણ માટે વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. પ્રાથમિક શાળા રંગપુર ખાતે વિદ્યાર્થીઓને મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા રોગોથી બચવાના ઉપાયો અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. સાથે જ ગપ્પી માછલીઓનું ડેમોન્સ્ટ્રેશન પણ કરવામાં આવ્યું હતું. ગામમાં ખુલ્લા પાણીના આશરે ૧૫ ટાંકામાં મચ્છરના લાર્વાનો નાશ કરવા પોરાભક્ષક ગપ્પી માછલીઓ છોડવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા સ્થાનિક આરોગ્ય કર્મચારીઓ એસ. પી. રાણવા, કે. બી. દુધાત, ડી. જી. રાજ્યગુરુ, સેવાભાવી જયદીપભાઈ વોરા તેમજ પ્રાથમિક શાળાના સ્ટાફે મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો.

# અમરેલી બાયપાસ ચોકડી નજીક ટ્રકની અડફેટે ત્રણ ગાયોના મોત થતા ગૌપ્રેમીઓમા રોષ



અમરેલી,તા.૨૨

અમરેલી શહેરના સાવરકુંડલા ચોકડી નજીક આવેલા લાઠી બાયપાસ રોડ પર મંગળવારે રાત્રે અંદાજે ૯ વાગ્યે હિટ એન્ડ રનની હૃદયદ્રાવક ઘટના બની હતી. અજાણ્યા ટ્રકચાલકે રસ્તા પર રહેલી ત્રણ ગાયોને અડફેટે લેતાં બે ગાયોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે ત્રીજી ગાય ટ્રક નીચે ફસાઈ જતાં આશરે અડધો કિલોમીટર સુધી ઢસડાઈ હતી, જેના કારણે તેનું પણ મોત થયું હતું. પ્રત્યક્ષદર્શીઓએ ટ્રક રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ચાલક ટ્રક લઈને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં ગૌપ્રેમીઓ, માલધારી સમાજના આગેવાનો અને સ્થાનિક લોકો સ્થળ પર પહોંચ્યા હતા. એકસાથે ત્રણ ગાયોના મોતથી વિસ્તારમાં ભારે શોક અને રોષ ફેલાયો હતો. સ્થાનિકોએ બાયપાસ રોડ પર બેફામ દોડતા ભારે વાહનો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.


# ૨૭ માસથી ફરાર પોક્સો કેસનો આરોપી અમરેલી પેરોલ ફલો સ્કવોડે ઝડપી પાડ્યો



અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લા પેરોલ ફલો સ્કવોડે છેલ્લા ૨૭ માસથી પોક્સો કેસમાં ફરાર આરોપીને ઝડપી પાડી મહત્વની સફળતા મેળવી છે. આરોપી રમેશભાઈ સાકળભાઈ માછ્છી, રહે. સોનીપુર, તા. ગળતેશ્વર, જિ. ખેડા, લાઠી રોડ ચોકડી બાયપાસ નજીકથી ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી સામે વડીયા પોલીસ સ્ટેશનમાં પોક્સો તેમજ અપહરણની કલમો હેઠળ ગુનો નોંધાયેલ હતો. પોલીસને મળેલી હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિકલ માહિતીના આધારે ટીમે કાર્યવાહી કરી આરોપીને કસ્ટડીમાં લીધો હતો. ત્યારબાદ વધુ કાયદેસરની કાર્યવાહી માટે આરોપીને વડીયા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. આ કામગીરી એલસીબીના માર્ગદર્શન હેઠળ પેરોલ ફલો સ્કવોડની ટીમે સફળતાપૂર્વક પાર પાડી હતી.

# ચલાલા ગામમાં બે આંખલાઓ વચ્ચે જંગ થતા ગામમાં દોડધામ



અમરેલી,તા.૨૨

ચલાલા ગામમાં વરસાદી વાતાવરણ વચ્ચે બે આંખલાઓ અચાનક સામસામે આવી જોરદાર લડાઈમાં ઉતરી પડતા થોડા સમય માટે અફરાતફરી મચી ગઈ હતી. અનોખું દ્દશ્ય જોવા મોટી સંખ્યામાં ગ્રામજનો એકત્ર થયા હતા. સ્થાનિક લોકોએ સાવચેતી રાખી બંને આંખલાઓને દૂર હંકારવાનો પ્રયાસ કર્યો હતો.

સદનસીબે સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજાની ઘટના નોંધાઈ નહોતી.

# ધારી CHCમાં આધુનિક ડાયાલિસિસ સેન્ટરનું આગેવાનોના હસ્તે લોકાર્પણ



અમરેલી,તા.૨૨

ધારીના સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે આધુનિક ડાયાલિસિસ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. આ નવી સુવિધા શરૂ થતા ધારી સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારના કિડનીના દર્દીઓને હવે સારવાર માટે દૂર જવાની જરૂર ઓછી રહેશે. લોકાર્પણ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારી તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા, તાલુકા ભાજપ મહામંત્રી મુકેશભાઈ રૂપારેલીયા, ધારી શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ સાવલિયા, નગરપાલિકા પ્રમુખ જયદીપભાઈ બસિયા, ઉપપ્રમુખ પરેશભાઈ પટણી સહિતના આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા.


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૭૯/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી પરમાર પ્રકાશભાઈ મનસુખભાઈ
સરનામું :- મુ.થોરડી, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - કાતર, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાના થોરડી મુકામે ના શ્રી પરમાર પ્રકાશભાઈ મનસુખભાઈ એ તેમના પુત્ર નામે શ્રી પાર્થકુમાર પ્રકાશભાઈ પરમારનો જન્મ તા.૦૪/૧૧/૧૯૯૯ ના રોજ રાજુલા તાલુકાના કાતર મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.એન.પરમાર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫ માહે.જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૫/૦૭/૨૦૨૬

(કોર્ટનો સિક્કો)

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા


# બાબરામાં રામાનંદી સાધુ સમાજનો તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો




તસવીર : દિપક કનૈયા

બાબરા,તા.૨૨

બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા જલારામ મંદિર, બાબરા ખાતે તેજસ્વી તારલાઓના વિદ્યાર્થી સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ તાપડિયા આશ્રમના મહંત મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. ઘનશ્યામદાસબાપુ (ગુરુ દયારામબાપુ)ના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. સમારોહમાં સંતો, મહંતો, આગેવાનો, દાતાઓ, વિદ્યાર્થીઓ અને સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંતોએ વિદ્યાર્થીઓને શિક્ષણમાં સતત પ્રગતિ કરી સમાજ અને રાષ્ટ્રનું ગૌરવ વધારવા આશીર્વાદ આપ્યા હતા. દાતાઓએ શિક્ષણ અને સમાજસેવાના કાર્યો માટે આર્થિક સહયોગ જાહેર કર્યો હતો. આ પ્રસંગે અભ્યાસમાં ઉત્કૃષ્ટ સિધ્ધિ મેળવનારા વિદ્યાર્થીઓ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ મેળવનાર વિદ્યાર્થીની, બાબરા તાલુકાની પ્રથમ એમ.બી.બી.એસ. વિદ્યાર્થીની તેમજ વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનાર આગેવાનોનું શીલ્ડ, સન્માનપત્ર, શાલ અને ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. નિવૃત્ત કર્મચારી રસીકભાઈ અગ્રાવતનું પણ વિશેષ સન્માન કરાયું હતું.


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૭૧/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી હુસેનભાઈ ભીખુભાઈ જોખીયા
સરનામું :- મુ.રાજુલા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફિસરશ્રી - નગરપાલિકા રાજુલા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના રાજુલા મુકામે ના શ્રી હુસેનભાઈ ભીખુભાઈ જોખીયા એ તેમના પુત્ર નામે શ્રી રસુલભાઈ હુસેનભાઈ જોખીયા નો જન્મ તા.૧૦/૦૭/૧૯૭૬ ના રોજ રાજુલા તાલુકાના રાજુલા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી યુ.જે. મારું મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫ માહે.જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૫/૦૭/૨૦૨૬

(કોર્ટનો સિક્કો)

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા








**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૭૦/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી પ્રતાપભાઈ નરસિંહભાઈ ગુજરીયા
સરનામું :- મુ.પટવા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફિસરશ્રી - નગરપાલિકા રાજુલા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના પટવા મુકામે ના શ્રી પ્રતાપભાઈ નરસિંહભાઈ ગુજરીયા એ તેમના પુત્ર નામે શ્રી રોહિત પ્રતાપભાઈ ગુજરીયાનો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૮ ના રોજ રાજુલા તાલુકાના રાજુલા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી જે.કે.મજેઠીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫ માહે.જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૫/૦૭/૨૦૨૬

(કોર્ટનો સિક્કો)

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા





**ગટરના ગંધાતા પાણીને કારણે મચ્છરજન્ય રોગચાળો ફાટી નિકળવાની શક્યતા**

# સા.કુંડલાના જેસર રોડ વિસ્તારમાં ગટરના ગંદા પાણીથી રહીશો ત્રાહીમામ

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલા શહેરના જેસર રોડ પર આવેલા વોર્ડ નંબર ૮ અને વોર્ડ નંબર ૩ વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી ગટરના ગંદા પાણી રસ્તાઓ પર વહેતા હોવાના કારણે સ્થાનિક રહેવાસીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. સતત વહેતા ગંદા પાણીને કારણે સમગ્ર વિસ્તારમાં ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. મંગલમ સોસાયટી, પટેલ સોસાયટી, મધુવન સોસાયટી તેમજ સ્વામિનારાયણ ગુરુકુળ આસપાસના વિસ્તારોમાં રહેતા લોકો રોજબરોજ દુર્ગંધ, ગંદકી અને મચ્છરોના ઉપદ્રવથી પરેશાન થઈ ગયા છે.

આ વિસ્તાર રાજકીય રીતે પણ મહત્વનો માનવામાં આવે છે. વોર્ડ નંબર ૮માંથી નગરપાલિકાના પ્રમુખ આ વિસ્તારમાં જ રહે છે. જ્યારે સામે આવેલા વોર્ડ નંબર ૩માંથી નગરપાલિકાના ઉપપ્રમુખ તેમનું નિવાસ પણ અહીં જ


તસવીર : સૌરભ દોશી

આવેલો છે. ઉપરાંત અનેક અગ્રણીઓ આ વિસ્તારમાં રહે છે.સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ છેલ્લા એક મહિનાથી ગટરના ગંદા પાણી રસ્તાઓ પર વહી રહ્યા છે, છતાં સમસ્યાના કાયમી ઉકેલ માટે કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે અને વિસ્તારમાં તાવ સહિતની બીમારીઓના કેસોમાં પણ વધારો જોવા મળી રહ્યો હોવાનું લોકો જણાવી રહ્યા છે. શાળાએ જતા બાળકોને પણ ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે, જેના કારણે વાલીઓમાં ચિંતા વ્યાપી છે.રહેવાસીઓએ પોતાની વ્યથા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે અનેક વખત રજૂઆતો કરવા છતાં પાલિકા તરફથી યોગ્ય પ્રતિસાદ મળ્યો નથી. છેલ્લા એક મહિનામાં વિસ્તારમાં દવાનો છંટકાવ કરવામાં આવ્યો નથી તેમજ ફોગિંગ મશીન પણ જોવા મળ્યું નથી. જેના કારણે લોકોમાં પાલિકા તંત્ર સામે ભારે અસંતોષ ફેલાયો છે.

**મત લેવા આવેલા પદાધિકારીઓ હવે લોકોની સમસ્યા હલ કરવા માટે ડોકાતા પણ નથી**

## રાજુલામાં રાજસ્થાનના યુવકે ગળાફાંસો ખાધો

**રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.એસ.બાબરીયાએ વધુ તપાસ હાથ ધરી**

રાજુલા, તા. ૨૨

રાજુલામાં રાજસ્થાનના વતનીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ અંગે સંદીપકુમાર દેવકરણસિંહ ઠાકન (ઉં.વ. ૩૬)એ જાહેર કર્યા મુજબ, મૂળ રાજસ્થાનના મલસીસર તાલુકાના આનંદપુરા ગામના જોગેન્દર બહાદુરસિંહ ઠાકન (ઉં.વ. ૨૯)એ રાજુલા આહીર સમાજના ગેટ સામે આવેલી બિલ્ડિંગના પાંચમા માળે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી. એસ. બાબરીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## સાવરકુંડલામાં તાલુકા કક્ષાની શાળાકીય સ્પર્ધામાં કે. કે. હાઈસ્કૂલનો દબદબો

સાવરકુંડલા,તા.૨૨

સાવરકુંડલામાં યોજાયેલી SGFIની ૭૦મી તાલુકા કક્ષાના શાળાકીય રમતોત્સવમાં સ્થાનિક કે. કે. હાઈસ્કૂલના ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ૧૮ જુલાઈના રોજ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી કબડ્ડી સ્પર્ધામાં આ હાઈસ્કૂલની ટીમે પ્રતિસ્પર્ધી



ટીમો સામે ઉત્કૃષ્ટ દેખાવ કરીને ચેમ્પિયનશિપ પોતાના નામે કરી હતી. ત્યારબાદ ૨૧ જુલાઈના રોજ યોજાયેલી ખો-ખો સ્પર્ધામાં પણ શાળાની અંડર-૧૭ ભાઈઓની ટીમ ચેમ્પિયન બની હતી. આ બંને ટીમોને કોચ વિપુલભાઈ દવેના સતત માર્ગદર્શનમાં આ દ્વિ-સિધ્ધિ પ્રાપ્ત કરી છે. આ સફળતા બદલ શાળાના આચાર્ય ચેતનભાઈ ગુજરીયાએ ખેલાડીઓ અને કોચને અભિનંદન પાઠવી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## અમરેલીમાં ટ્રાફિકને અડચણરૂપ ફૂટની લારી રાખનારા સામે પોલીસની કાર્યવાહી

**ફૂટની લારી ઊભી રાખવા બદલ ત્રણ ઈસમો સામે ગુનો નોંધવામાં આવ્યો**

અમરેલી, તા. ૨૨

અમરેલીમાં જાહેર રસ્તા પર દબાણ કરી વાહનચાલકો અને રાહદારીઓ માટે જોખમ ઊભું કરનારા લારીધારકો સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. જાહેર રોડ પર ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે ફૂટની લારી ઊભી રાખવા બદલ ત્રણ ઈસમો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ફૂટની લારીઓ જાહેર રસ્તા પર વાહનોની અવરજવરમાં રુકાવટ ઊભી કરે અને અકસ્માત સર્જાય તે રીતે ઊભી રાખવામાં આવી હતી. પોલીસે ટ્રાફિક સમસ્યા અને જાહેર સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ કાર્યવાહી કરી હતી.

## વિઠ્ઠલપુર ખંભાળીયાથી ગાવડકા ફાટક પાસે મારામારીની ઘટના

અમરેલી, તા. ૨૨

વિઠ્ઠલપુર ખંભાળીયાથી ગાવડકા ફાટક પાસે એક યુવકને "તારે બાધવું છે?" તેમ કહી ધક્કો મારી પછાડી દઈ ભૂંડી ગાળો આપવામાં આવી હતી.

બનાવ સંદર્ભે ફતેપુર ગામના નિલેષભાઈ વલ્લભભાઈ જાદવ (ઉં.વ.૩૫) એ ગાવડકા ગામના સાગરભાઈ ઈશ્વરભાઈ ગાંગડીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

જે મુજબ તેઓ વિઠ્ઠલપુર ખંભાળીયાથી ગાવડકા પુલ પાસે જતા રસ્તામાં ફાટક પાસે ઈંડાની લારી પાસે ઊભા હતા.

આરોપીએ આવીને "તારે બાધવું છે?" તેમ કહી ધક્કો મારી પછાડી દઈ ભૂંડી ગાળો આપી હતી. તેમજ શરીરે આડેધડ ઢીકાપાટુ વડે માર માર્યો હતો.

ઉપરાંત મૂંઢ ઈજા કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. ડી. જોષી વધુ તપાસ કરી રહ્યા છે.

**તારે બાધવું છે? તેમ કહી યુવકને ધક્કો મારી પછાડી દઈ ગાળો આપી**

## સાવરકુંડલાના યુવકને ઢીકાપાટુ મારી જાનથી મારવાની ધમકી

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલાના યુવકને ઢીકાપાટુ મારી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે મયુરભાઈ આલકુભાઈ ખુમાણ (ઉ.વ.૨૧) એ બાલશીંગભાઈ જયતાભાઈ બોરીચા (રહે. લુવારા) તથા કુલદિપભાઈ ખુમાણ (રહે. રામગઢ) સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તથા તેમના ટ્રેક્ટરના ડ્રાઈવર, બંને જણા ખેતીના કામકાજ અર્થે જતા હતા તે દરમિયાન બંને આરોપીઓ અચાનક તેમની ફોરવ્હીલ ગાડી લઈને આવ્યા હતા અને ટ્રેક્ટર ઊભું રખાવ્યું હતું. બંને આરોપીઓએ તેમને તથા તેમના ડ્રાઈવરને જેમ-ફાવે તેમ ગાળો આપી, ઢીકાપાટુનો માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલીના નાના માચીયાળા ગામે પ્લમ્બરના ઘરમાંથી સોના-ચાંદીના દાગીનાની ચોરી

**તસ્કરો બાઈક પણ ઉઠાવી ગયા**

અમરેલી, તા. ૨૨

અમરેલીના નાના માચીયાળા ગામે પ્લમ્બરનું કામ કરતા નરેશભાઈ મેઘજીભાઈ ચાંચીયા (ઉં.વ. ૪૨)ના ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી થઈ છે. તસ્કરો આજુબાજુમાંથી બાઈક પણ ઉઠાવી ગયા હતા.નરેશભાઈએ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, ચોરોએ તેમના રહેણાંક મકાનમાં ગેરકાયદે પ્રવેશ કરી સોના-ચાંદીના ઘરેણાં (કિંમત રૂ. ૯૮,૬૦૦) તથા રોકડ રૂ. ૩,૦૦૦ મળી કુલ રૂ. ૧,૦૧,૬૦૦ની ચોરી કરી હતી. આ ઉપરાંત, પડોશમાં રહેતા દેવશીભાઈ માણંદભાઈ ચાંચીયાના ઘરમાંથી રૂ. ૬,૭૦૦ના ચાંદીના ઘરેણાં અને કુટુંબી ભાઈ ભાવેશભાઈ ખીમજીભાઈ ચાંચીયાના ઘરેથી મોટરસાયકલની ચોરી કરી હતી.આમ, તસ્કરો સોના-ચાંદીના ઘરેણાં, રોકડ રકમ અને મોટરસાયકલ મળી કુલ રૂ. ૧,૨૮,૩૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. જે. કે. પાંડવ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: નોમ
તા.૨૩-૦૭-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૫:૩૭,
સૂર્યાસ્ત-૦૭:૧૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: વિશાખા

### દૈનિક રાશિફળ

**તા.૨૩-૦૭-૨૦૨૬ ગુરુવાર**

મેષ: આજનો દિવસ તમારા માટે ખૂબ ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.

વૃષભ: આજે સમૃધ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આળસથી દિવસની શરૂઆત થશે. આવકના સ્ત્રોતમાં વધારો થશે.

મિથુન: આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં.

કર્ક: આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઈ શકો છો,

સિંહ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો.

કન્યા: આજનો દિવસ લાભકારક રહેશે. પ્રકૃતિ ચંચળ હશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં, છતાં નાણાકીય લાભ ક્યાંકથી અચાનક બનશે.

તુલા: આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઇચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે.

વૃશ્ચિક: નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે.

ધન: આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઇ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે.

મકર: આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે.

કુંભ: આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે. પરિવારના સભ્યો પણ કોઈક કારણસર ગુસ્સે થશે.

મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે.

## શેલણા પ્રાથમિક શાળામાં 'ડેન્ગ્યુ માસ'ની ઉજવણીમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયુ

સાવરકુંડલા,તા.૨૨

ચોમાસાની ઋતુમાં ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયા જેવા મચ્છરજન્ય રોગો અટકાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા શાળા સ્તરે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેના અંતર્ગત સાવરકુંડલા તાલુકાના શેલણા ગામની પ્રાથમિક શાળામાં 'ડેન્ગ્યુ માસ' નિમિત્તે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું



આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. પારધી અને સુપરવાઈઝર મુકુંદભાઈ ખુમાણના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં હિંમતભાઈ પરમાર દ્વારા વિદ્યાર્થીઓને રોગોના લક્ષણો, કારણો અને બચવાના ઉપાયો અંગે માહિતગાર કરાયા હતા. આ ઉપરાંત, મચ્છરોના પોરાનો નાશ કરવા ગપ્પી માછલીનું પ્રત્યક્ષ નિદર્શન આપી ગામના ઘરોમાં તેને મૂકવાની કામગીરી હાથ ધરાઈ હતી. સાથે જ આરોગ્ય ટીમો દ્વારા મચ્છરોનો પ્રજનન દર અટકાવવા ખાડા-ખાબોચિયાંમાં ભરાયેલા વરસાદી પાણીમાં બળેલું ઓઈલ નાખવામાં આવ્યું હતું.

## સરંભડા ગામે શેત્રુંજી નદીમાંથી રેતી ભરવાનો ફોટો પાડતાં ધમકી આપી

અમરેલી, તા. ૨૨

અમરેલીના સરંભડા ગામમાં શેત્રુંજી નદીમાંથી થતી ગેરકાયદેસર રેતી ચોરી સામે બે દિવસ પહેલાં ગ્રામજનોએ એકજૂટ થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગ્રામજનોએ નદીના પટમાં ઉતરી રામધૂન બોલાવી 'રેતી ચોરી બંધ કરો' અને 'શેત્રુંજી નદી બચાવો' જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા.આ દરમિયાન શેત્રુંજી નદીમાંથી રેતી ભરવાનો ફોટો પાડતાં ધમકી આપવામાં આવી હતી.આ બનાવ સંદર્ભે મિલનભાઈ ગોરધનભાઈ કાનપરીયા (ઉં.વ.૨૫)એ તેમના જ ગામના અક્ષયભાઈ બાબુભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી શેત્રુંજી નદીમાંથી રેતી ભરતા હતા, જેનો ફોટો તેમણે પાડતાં આરોપીએ સાહેદને ફોન કરી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલાના દેતડ ગામે નદીના પટ પાસેથી ૭ શકુની ઝડપાયા

સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલાના દેતડ ગામે નદીના પટ પાસે કોળીવાડાની શેરીમાં ખુલ્લામાં ૭ શકુની ઝડપાયા હતા.

તેમની પાસેથી કુલ રૂ. ૧૧,૦૯૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

ભરતભાઈ રવજીભાઈ વાઘેલા, વનરાજભાઈ જેતુભાઈ ધાધલ, કયુમભાઈ ઉર્ફે કલ્લો અલીભાઈ ચોટલીયા, ભાનુભાઈ ભીખાભાઈ વાઘેલા, સુરેશભાઈ ભાનુભાઈ વાઘેલા, કાળુભાઈ રવજીભાઈ વાઘેલા અને અનીલભાઈ ઘનશ્યામભાઈ ચારોલા જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીન પત્તીનો હાર-જીતનો જુગાર રમતા રોકડા રૂ. ૧૧,૦૯૦ ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. વી. શિયાળ વધુ તપાસ કરી રહ્યા છે.

**કુલ રૂ. ૧૧,૦૯૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો**

## સા.કુંડલાના મોટા ઝીંઝુડા ગામે વીજશોક લાગતા ખેડૂતનું મોત

સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામેથી એક દુઃખદ ઘટના સામે આવી છે. ખેતરમાં વીજ કનેક્શનના ટ્રાન્સફોર્મરનો વાયર (ડીડીઓ/ડીઓ) તૂટી જતાં તેને સરખો કરવા ગયેલા ખેડૂતને કરંટ લાગતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.આ અંગે ઘનશ્યામભાઈ પુનાભાઈ રાદડિયા (ઉં.વ.૫૨)એ જાહેર કર્યા મુજબ, હસમુખભાઈ પુનાભાઈ રાદડિયા (ઉં.વ. ૫૫)ના ખેતરમાં વીજળીના ટ્રાન્સફોર્મરનો વાયર તૂટી ગયો હતો. વરસાદી માહોલ હોવાથી ભીના વાંસ વડે તેઓ વાયર બાંધવા ગયા હતા, તે સમયે ભીના વાંસમાંથી અચાનક વીજપ્રવાહ પસાર થતાં તેમને તીવ્ર વીજશોક લાગ્યો હતો. જેના કારણે તેમનું સ્થળ પર જ કરૂણ મોત નીપજ્યું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. રમેશભાઈ ભાનુભાઈ મારૂ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## જિલ્લામાંથી એક ડઝન પ્યાસી પકડાયા

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૧૨ ઈસમોને કેફી પીણું પીને ફરતી હાલતમાં ઝડપી પાડ્યા હતા.

ચાંચ ગામે ગેટ પાસેથી એક યુવક પાસેથી ૨ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. પોલીસે તમામ ઈસમો સામે પ્રોહિબિશન અંતર્ગત કાર્યવાહી કરી હતી.

તંત્રી લેખ

# બંગાળની ખાડી પર ડ્રેગનનો પડછાયો

ચીન છેલ્લા કેટલાક વર્ષોથી વૈશ્વિક સ્તરે પોતાની આર્થિક, વ્યૂહાત્મક અને સૈન્ય શક્તિનો સતત વિસ્તાર કરી રહ્યું છે. અનેક વિશ્લેષકોનું માનવું છે કે ચીન હવે માત્ર આર્થિક મહાશક્તિ તરીકે નહીં, પરંતુ વૈશ્વિક સુપરપાવર તરીકે પોતાની ભૂમિકા વધુ મજબૂત બનાવવા પ્રયત્નશીલ છે. આ પ્રક્રિયામાં તે ભારત સહિત અનેક પડોશી દેશો પર વ્યૂહાત્મક દબાણ વધારવાની નીતિ અપનાવી રહ્યું હોવાનું માનવામાં આવે છે. આ પરિસ્થિતિ ભારતની ભૌગોલિક અને સમુદ્રી સુરક્ષા માટે ચિંતાનો વિષય બની રહી છે. ચીનનો પ્રભાવ હવે માત્ર પાકિસ્તાન સુધી મર્યાદિત રહ્યો નથી. તે મ્યાંમાર અને બાંગ્લાદેશ સાથે મળીને નવા ચીન-મ્યાંમાર-બાંગ્લાદેશ આર્થિક કોરિડોરના વિકાસ તરફ આગળ વધી રહ્યું હોવાનું વિવિધ અહેવાલોમાં જણાવાયું છે. આ પહેલથી ભારતને માત્ર જમીની સરહદો પર જ નહીં, પરંતુ સમુદ્રી ક્ષેત્રમાં પણ નવા પડકારોનો સામનો કરવો પડી શકે છે. આ પહેલાં ચીને બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ (BRI) હેઠળ ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર (CPEC) વિકસાવ્યો હતો. ભારતે શરૂઆતથી જ આ પ્રોજેક્ટનો વિરોધ કર્યો છે, કારણ કે તેનો એક મહત્વપૂર્ણ ભાગ પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (PoK) માંથી પસાર થાય છે, જેને ભારત પોતાના અવિભાજ્ય પ્રદેશનો ભાગ માને છે. આ કોરિડોરના કારણે ચીનને અરબી સમુદ્ર સુધી સીધી પહોંચ મળી છે. હવે સમાન પ્રકારનું માળખું મ્યાંમાર અને બાંગ્લાદેશમાં પણ વિકસાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ચીન રોડ, રેલવે, બંદરો અને અન્ય માળખાકીય સુવિધાઓના વિકાસને આર્થિક સહકાર તરીકે રજૂ કરે છે. જોકે અનેક સુરક્ષા વિશ્લેષકોનું માનવું છે કે આ પ્રોજેક્ટોનો ઉપયોગ ભવિષ્યમાં વ્યૂહાત્મક અને સૈન્ય હિતો માટે પણ થઈ શકે છે. વેપાર સાથે આવા માર્ગો દ્વારા લોજિસ્ટિક્સ અને સૈન્ય સાધનોની ઝડપી હેરફેર પણ શક્ય બને છે. બંગાળની ખાડીમાં વધતી વ્યૂહાત્મક સ્પર્ધાએ ભારત માટે નવી સુરક્ષા ચિંતાઓ ઊભી કરી છે. ભારતનો ગ્રેટ નિકોબાર પ્રોજેક્ટ હિંદ મહાસાગરમાં તેની વ્યૂહાત્મક હાજરીને વધુ મજબૂત બનાવે છે. ગ્રેટ નિકોબાર હિંદ મહાસાગરના મહત્વપૂર્ણ સમુદ્રી માર્ગોની નજીક આવેલો હોવાથી તેનું વ્યૂહાત્મક મહત્વ સતત વધી રહ્યું છે. કેટલાક અહેવાલો અનુસાર, આ વિસ્તારને લઈને ચીન ખાસ રસ દાખવી રહ્યું છે. જો ચીન બાંગ્લાદેશ અને મ્યાંમાર મારફતે બંગાળની ખાડીમાં પોતાની હાજરી વધુ મજબૂત બનાવશે, તો ભારતની પૂર્વીય સમુદ્રી સુરક્ષા અને હિંદ મહાસાગરમાં તેનું વ્યૂહાત્મક સંતુલન અસરગ્રસ્ત થઈ શકે છે. ચીને મ્યાંમારમાં વિકસાવેલી તેલ અને ગેસ પાઈપલાઈન તેના માટે ઊર્જા સુરક્ષાનો મહત્વપૂર્ણ વિકલ્પ બની છે. મલક્કા જળમાર્ગ પર સંભવિત અવરોધોની સ્થિતિમાં ચીન માટે આ માર્ગ વૈકલ્પિક પુરવઠા તરીકે કામ કરી શકે છે. સાથે સાથે રોડ અને રેલવે નેટવર્ક વેપાર ઉપરાંત વ્યૂહાત્મક હેતુઓ માટે પણ ઉપયોગી બની શકે છે. આ કારણસર મ્યાંમાર હવે માત્ર BRIનો ભાગીદાર દેશ નથી, પરંતુ હિંદ મહાસાગર સુધી પહોંચવા માટે ચીનની વ્યૂહરચનાનો મહત્વપૂર્ણ આધારસ્તંભ બની રહ્યો છે. આ બદલાતી પરિસ્થિતિમાં ભારત માટે પોતાની સુરક્ષા વ્યૂહરચનાનું પુનર્મૂલ્યાંકન જરૂરી બની શકે છે. વિશ્લેષકોનું માનવું છે કે ભારતે પૂર્વ એશિયા સાથેના સંબંધોને વધુ મજબૂત બનાવવાની સાથે નૌસેનાની ક્ષમતામાં વધારો કરવો, આંદામાન-નિકોબાર કમાન્ડને વધુ સશક્ત બનાવવી અને હિંદ મહાસાગરમાં પોતાની વ્યૂહાત્મક હાજરી મજબૂત કરવી જરૂરી છે. સાથે જ પાડોશી દેશો સાથે રાજદ્વારી અને આર્થિક સહકાર વધારવો પણ ભારત માટે લાંબા ગાળે મહત્વપૂર્ણ બની શકે છે.

# વાદળિયા વાતાવરણમાં પણ સોલાર પેનલ વિજ ઉત્પાદન કરી શકે છે - નવી ટેકનોલોજીની નવી સમજ




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

આજના સમયમાં વધતા વીજ બિલ, પર્યાવરણના સંરક્ષણની જરૂરિયાત અને ઊર્જાની સતત વધતી માંગને ધ્યાનમાં રાખીને રૂફટોપ સોલાર સિસ્ટમ સૌથી લોકપ્રિય અને વિશ્વસનીય વિકલ્પ બની રહી છે. ઘરની કે ઓફિસની છત પર સ્થાપિત થતી સોલાર સિસ્ટમ સૂર્યપ્રકાશને સીધો વીજપ્રવાહમાં ફેરવે છે અને એક વખત યોગ્ય રીતે સ્થાપિત કરવામાં આવે તો ૨૫ વર્ષ કે તેથી વધુ સમય સુધી વીજળીનું ઉત્પાદન કરી શકે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સોલાર ક્ષેત્રમાં થયેલી ટેકનોલોજીકલ પ્રગતિને કારણે હવે એવી પેનલો પણ ઉપલબ્ધ છે, જે ઓછા પ્રકાશમાં, વાદળિયા વાતાવરણમાં અને બંને બાજુથી પ્રકાશ મેળવી વધુ વીજળી ઉત્પન્ન કરવામાં સક્ષમ છે. સોલાર પેનલ એ સૂર્યપ્રકાશને સીધો વીજપ્રવાહમાં ફેરવતું ઉપકરણ છે. આ પ્રક્રિયાને ફોટોવોલ્ટેઈક ટેકનોલોજી કહેવામાં આવે છે. દરેક સોલાર પેનલમાં અનેક નાના સોલાર સેલ હોય છે. સૂર્યના કિરણો આ સેલ પર પડતાં ઈલેક્ટ્રોનની ગતિ વધે છે અને ડીસી (DC) વીજપ્રવાહ ઉત્પન્ન થાય છે. ઘરમાં ઉપયોગમાં લેવાતાં પંખા, લાઈટ, ટીવી, કમ્પ્યુટર અને અન્ય ઉપકરણો એસી (AC) વીજપ્રવાહ પર કાર્ય કરતા હોવાથી ડીસીને એસીમાં ફેરવવા માટે ઈન્વર્ટર જરૂરી બને છે. આધુનિક હાઈબ્રિડ ઈન્વર્ટર માત્ર વીજપ્રવાહનું રૂપાંતર જ કરતા નથી, પરંતુ સોલાર પેનલ, બેટરી અને વીજ કંપનીના પુરવઠા વચ્ચે બુધ્ધિશાળી રીતે વીજ વ્યવસ્થાપન પણ કરે છે. સોલાર સિસ્ટમમાં એમપીપીટી (Maximum Power Point Tracker) કંટ્રોલર ખૂબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ટેકનોલોજી સોલાર પેનલમાંથી દરેક ક્ષણે શક્ય તેટલી વધુ વીજળી મેળવવાનો પ્રયાસ કરે છે. પરિણામે શિયાળામાં, સવાર-સાંજના સમયે તેમજ વાદળિયા વાતાવરણમાં પણ સામાન્ય સિસ્ટમની સરખામણીએ વધુ ઉત્પાદન મળે છે. આજના સમયમાં મોનોક્રિસ્ટલાઈન સોલાર પેનલ સૌથી વધુ કાર્યક્ષમ માનવામાં આવે છે. એક જ શુધ્ધ સિલિકોનથી બનેલી આ પેનલ ઓછી જગ્યામાં વધુ વીજળી ઉત્પન્ન કરી શકે છે. તેની સરખામણીએ પોલીક્રિસ્ટલાઈન પેનલની કિંમત ઓછી હોય છે, પરંતુ તેની કાર્યક્ષમતા પણ થોડી ઓછી હોય છે. તેથી નવી સિસ્ટમ સ્થાપિત કરતી વખતે શક્ય હોય ત્યાં સુધી મોનોક્રિસ્ટલાઈન ટેકનોલોજી પસંદ કરવી વધુ લાભદાયી રહે છે. તાજેતરના વર્ષોમાં TOPCon (Tunnel Oxide Passivated Contact), HJT (Heterojunction Technology) અને PERC (Passivated Emitter Rear Cell) જેવી નવી પેઢીની ટેકનોલોજીએ સોલાર ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પરિવર્તન લાવ્યું છે. આ પેનલો ઓછા પ્રકાશમાં પણ વધુ સારી કામગીરી કરે છે, ગરમીના કારણે થતું ઉત્પાદનનું નુકસાન ઘટાડે છે અને લાંબા ગાળે વધુ વીજળી ઉત્પન્ન કરે છે. ગુજરાત જેવા ગરમ પ્રદેશોમાં પણ આવી પેનલોનું પ્રદર્શન વધુ અસરકારક રહે છે. ઘણા લોકો એવી માન્યતા ધરાવે છે કે વાદળ આવે એટલે સોલાર પેનલ સંપૂર્ણપણે બંધ થઈ જાય છે, પરંતુ આ માન્યતા સંપૂર્ણપણે સાચી નથી. વાદળિયા દિવસોમાં સીધો સૂર્યપ્રકાશ ઓછો મળે છે, છતાં આકાશમાં રહેલો વિખરાયેલો પ્રકાશ પેનલ સુધી પહોંચે છે. આધુનિક TOPCon, HJT અને PERC ટેકનોલોજીવાળી પેનલો આ પ્રકાશનો ઉપયોગ કરીને સામાન્ય દિવસની સરખામણીએ અંદાજે ૧૫થી ૪૦ ટકા જેટલી વીજળી ઉત્પન્ન કરી શકે છે. ભારે વરસાદ દરમિયાન ઉત્પાદન વધુ ઘટી શકે છે, પરંતુ સંપૂર્ણપણે બંધ થતું નથી. હવે બજારમાં બાઈફેશિયલ સોલાર પેનલ પણ ઉપલબ્ધ છે. આવી પેનલની વિશેષતા એ છે કે તે બંને બાજુથી પ્રકાશ ગ્રહણ કરી શકે છે. ઉપરની સપાટી પર સીધો સૂર્યપ્રકાશ પડે ત્યારે વીજળી ઉત્પન્ન થાય છે, જ્યારે નીચેની સપાટી પર જમીન અથવા છત પરથી પરાવર્તિત પ્રકાશ પડે ત્યારે પણ વધારાનું ઉત્પાદન થાય છે. જો છત સફેદ રંગની હોય અથવા આસપાસનો વિસ્તાર વધુ પ્રકાશ પરાવર્તિત કરતો હોય, તો બાઈફેશિયલ પેનલનું ઉત્પાદન સામાન્ય પેનલ કરતાં વધુ મળી શકે છે. સોલાર પેનલની ક્ષમતા વોટમાં માપવામાં આવે છે. ઉદાહરણ તરીકે ૫૫૦ વોટની પેનલ અનુકૂળ પરિસ્થિતિમાં મહત્તમ લગભગ ૫૫૦ વોટ સુધીનું ઉત્પાદન આપી શકે છે. જોકે વાસ્તવિક ઉત્પાદન સૂર્યપ્રકાશની તીવ્રતા, હવામાન, પેનલનો ખૂણો, સફાઈ અને તાપમાન જેવા પરિબળો પર આધાર રાખે છે. ઘણા ગ્રાહકો માટે સૌથી મોટો પ્રશ્ન એ હોય છે કે તેમના ઘર અથવા ઓફિસ માટે કેટલી ક્ષમતાની સોલાર સિસ્ટમ યોગ્ય રહેશે. જો પાંચ એલઈડી ટ્યુબલાઈટ (કુલ લગભગ ૧૦૦ વોટ), પાંચ સીલિંગ પંખા (લગભગ ૩૫૦ વોટ), ચાર ડેસ્કટોપ કમ્પ્યુટર (લગભગ ૮૦૦ વોટ) અને એક ૧.૫ ટન ઈન્વર્ટર એર કન્ડિશનર (સરેરાશ ૧૫૦૦થી૧૮૦૦ વોટ) એકસાથે ચાલુ હોય, તો કુલ વીજ લોડ અંદાજે ૨૮૦૦થી૩૨૦૦ વોટ એટલે કે લગભગ ૩ કિલોવોટ થાય છે. ભવિષ્યમાં વધારાના ઉપકરણો અને સલામતીને ધ્યાનમાં રાખીને ૪થી૫ કિલોવોટની રૂફટોપ સોલાર સિસ્ટમ વધુ યોગ્ય માનવામાં આવે છે. આવી સિસ્ટમ માટે 5kVA ક્ષમતાનો પ્યોર સાઈન વેવ હાઈબ્રિડ ઈન્વર્ટર શ્રેષ્ઠ વિકલ્પ બની શકે છે. આ ઈન્વર્ટર સોલાર પેનલ, બેટરી અને વીજ કંપનીના પુરવઠાનું બુધ્ધિશાળી સંચાલન કરે છે. જો રાત્રિના સમયે પણ લાંબા સમય સુધી વીજળીની જરૂરિયાત રહેતી હોય, તો તેની સાથે યોગ્ય ક્ષમતાની લિથિયમ-આયન બેટરી અથવા ઉચ્ચ ગુણવત્તાની ટ્યુબ્યુલર બેટરીનો સમાવેશ કરવો જોઈએ. સોલાર સિસ્ટમનું સારું પ્રદર્શન જાળવવા માટે સમયાંતરે પેનલની સફાઈ પણ જરૂરી છે. ધૂળ, પાંદડા અથવા અન્ય કચરો પેનલ પર જમા થાય તો ઉત્પાદન ઘટી શકે છે. ઉપરાંત, પ્રમાણિત કેબલ, ગુણવત્તાસભર માઉન્ટિંગ સ્ટ્રક્ચર, યોગ્ય અર્થિંગ અને અનુભવી ટેક્નિશિયન દ્વારા સ્થાપન કરાવવાથી સિસ્ટમની સલામતી અને કાર્યક્ષમતા બંનેમાં વધારો થાય છે. આધુનિક સોલાર ટેકનોલોજી હવે માત્ર સૂર્યપ્રકાશવાળા દિવસો પૂરતી મર્યાદિત રહી નથી. નવી પેઢીની પેનલો ઓછા પ્રકાશમાં પણ કાર્યક્ષમ છે, બાઈફેશિયલ પેનલો બંને બાજુથી વીજળી ઉત્પન્ન કરે છે અને TOPCon તથા HJT જેવી ટેકનોલોજી લાંબા ગાળે વધુ ઉત્પાદન આપે છે. તેથી નવી સોલાર સિસ્ટમ ખરીદતી વખતે માત્ર કિંમતને આધારે નિર્ણય લેવાને બદલે આધુનિક ટેકનોલોજી, ઉચ્ચ કાર્યક્ષમતા અને લાંબા ગાળાની વિશ્વસનીયતાને પ્રાથમિકતા આપવી જોઈએ. યોગ્ય બ્રાન્ડની સોલાર પેનલ, ગુણવત્તાસભર ઈન્વર્ટર, પ્રમાણિત વાયરિંગ અને નિષ્ણાત દ્વારા સ્થાપિત સિસ્ટમ ૨૫ વર્ષ કે તેથી વધુ સમય સુધી વિશ્વસનીય સેવા આપી શકે છે. પરિણામે વીજળીના ખર્ચમાં નોંધપાત્ર બચત થાય છે, કાર્બન ઉત્સર્જન ઘટે છે અને સ્વચ્છ તેમજ હરિત ઊર્જાના ઉપયોગ દ્વારા પર્યાવરણના સંરક્ષણમાં પણ મહત્વપૂર્ણ ફાળો મળે છે.

**અત્યારે મોટાભાગના લોકો સોલાર પેનલ અને ઇન્વેટર બાબતમાં વિશેષ જાણતા નથી. આ ટેકનોલોજીમાં નવા સંશોધનો થઈ રહ્યા છે તેનો લાભ દરેકે લેવો જોઈએ જેથી વધુ પાવર જનરેશન થઈ શકે. આ માટે વીજળી બચત, ઊર્જા સ્વાવલંબન અને યોગ્ય ક્ષમતાની પસંદગી કરવામાં આવે તો તે આજના સમયમાં જરૂરી છે.**

## શબ્દ સંજોગ-૨૨૩૬



**આડી ચાવી :**
(૧) કરમાયેલું, ખિન્ન (૨)
(૩) હરિશ્ચંદ્ર રાજાનો પુત્ર (૩)
(૪) પૂરી ભરતી આવ્યે બાર મિનિટ પાણી થોભે તે (૨)
(૬) વર્તુળનો પરિઘ, રાશિચક્ર (૩)
(૮) .....એવી કેળવો કે પ્રભુ પાસે પણ હકથી માગી શકાય (૩)
(૯) ઉપાધિ, જંજાળ (૩)
(૧૦) એક ગુજરાતી માસ (૩)
(૧૨) દૂધી (૨)
(૧૪) કમળ (૪)
(૧૬) એક કળી જેને ચલમમાં પીવાથી નશો ચડે (૨)
(૧૭) સંભાળ, સાચવણી (૩)
(૧૮) કોઈ સંખ્યાને તેનાથી જ બે વાર ગુણવાથી આવતો ગુણકાર (૨)
(૧૯) ખર્ચ જતા બાકી વધેલી રકમ (૩)
(૨૧) સામુદાયિક આત્મહત્યા (૩)
(૨૨) ....પાછળ ફના થઈ જનારાની કમી નથી (૨)
(૨૪) બંગાળી મહાશય આ નામે પણ ઓળખાય (૨)
(૨૫) સ્ત્રી કે પુરુષ ઝઘડો કરતી વખતે વર્તે તેના પરથી એમની.....નું માપ નીકળે છે. (૪)
(૨૭) મૂરતિયાની પસંદગી વખતે વડીલો ખાનદાન...પર જ પસંદગી ઉતારે છે. (૨)
(૨૮) હથેળીના અંગૂઠાના ટેરવાથી ટચલી આંગળીના ટેરવા સુધીનું અંતર (૨)

**ઊભી ચાવી :**
(૨) પોષણ, ગુજારો (૩)
(૩) રાતની ચોકી માટે ફરવુ તે (૨)
(૪) લાંબી રજાઓ વચ્ચેનો અભ્યાસનો સમયગાળો (૨)
(૫) મા, મમ્મી (૨)
(૭) ગાંઠવુ-બાંધવુ તે (૩)
(૮) હાથી પર નાખવાનું બખતર (૩)
(૧૧) શિક્ષા, અમલ (૩)
(૧૩) નોતરુ, આમંત્રણ (૩)
(૧૫) દૂરથી ખબર આપવાની નિશાની (૩)
(૧૬) આસો માસમાં વરસતા વરસાદનું પાણી (૪)
(૧૮) ઘર-રાચરચીલુ (૪)
(૨૦) ટૂંકી બાયનું લાંબુ પહેરણ (૩)
(૨૩) વગર પરણ્યે રાખેલી સ્ત્રી (૩)
(૨૬) ગુપ્તદાન કરનાર..... કહેવાય (૨)

## શબ્દ સંજોગ-૨૨૩૫ જવાબ


**આડી ચાવી:** (૧) મધુરા (૪) પ્રસ્તર (૮) ધરાધર (૯) વનમાળી (૧૧) ઘેન (૧૨) બાપુ (૧૩) અડગ (૧૬) રસો (૧૮) અર્થ (૧૯) રાઝ (૨૧) મગજ (૨૩) આંબો (૨૪) રસ્તો (૨૫) પાક (૨૬) રામ (૨૭) સમભાવ (૨૯) જરખ (૩૦) નહોર. **ઊભી ચાવી:** (૧) મધવો (૨) ધુરા (૩) રાધનપુર (૫) સ્તવન (૬) રન (૭) વાળી (૧૦) માર્કંડ (૧૧) ઘેર (૧૩) અર્થ (૧૪) ગરબો (૧૫) ત્વરા (૧૭) સોમ (૧૮) અજ (૨૦) ઝરમર (૨૨) ગરમર (૨૩) આંક (૨૫) પાવન (૨૬) રાજ (૨૮) બાર.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૨૫ | ૧૯૧૫ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૨૧ |
| જુવાર સફેદ | ૧૦૪૧ | ૧૨૬૦ |
| જુવાર લાલ | ૧૧૫૦ | ૧૩૦૫ |
| જુવાર પીળી | ૪૫૦ | ૪૯૦ |
| બાજરી | ૩૯૦ | ૫૧૮ |
| મકાઇ | ૫૨૭ | ૫૨૭ |
| તુવેર | ૧૦૩૦ | ૧૬૦૦ |
| ચણા પીળા | ૧૦૮૦ | ૧૨૩૧ |
| ચણા સફેદ | ૧૦૯૦ | ૧૮૪૦ |
| અડદ | ૧૧૦૦ | ૨૦૪૦ |
| મગ | ૧૨૫૦ | ૧૯૧૦ |
| ચોળી | ૯૮૦ | ૧૬૭૨ |
| વટાણા | ૫૫૦ | ૮૧૬ |
| રાજમા | ૭૪૦ | ૧૯૨૬ |
| સીંગદાણા | ૧૭૫૦ | ૨૨૦૦ |
| મગફળી જાડી | ૧૨૨૫ | ૧૬૩૫ |
| મગફળી જીણી | ૧૨૧૦ | ૧૫૮૦ |
| તલી | ૨૨૨૫ | ૨૪૯૫ |
| સુરજમુખી | ૧૩૯૦ | ૧૩૯૦ |
| એરંડા | ૧૨૧૫ | ૧૪૦૯ |
| અજમો | ૧૫૦૦ | ૨૦૭૦ |
| સુવા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૫૨૫ |
| સીંગફાડા | ૧૫૦૦ | ૧૮૬૦ |
| કાળા તલ | ૨૧૭૫ | ૩૯૮૦ |
| લસણ | ૧૧૭૬ | ૨૫૦૦ |
| ધાણા | ૨૫૦૫ | ૩૦૮૨ |
| ધાણી | ૨૫૫૦ | ૩૧૦૦ |
| વરીયાળી | ૧૬૩૦ | ૧૮૮૦ |
| જીરૂ | ૩૪૦૧ | ૪૦૫૦ |
| રાય | ૧૩૩૦ | ૧૮૯૯ |
| મેથી | ૯૬૦ | ૧૯૧૬ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૧૯૨૧ |
| અશેરીયો | ૧૧૨૫ | ૧૧૨૫ |
| કલોંજી | ૨૯૫૧ | ૩૬૨૭ |
| રાયડો | ૧૨૩૦ | ૧૫૧૫ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૧૦૨૩૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૯૧ | ૧૦૨૩ |
| પપૈયા | ૧૭૯ | ૩૫૪ |
| બટેટા | ૮૩ | ૨૯૬ |
| ડુંગળી સુકી | ૧૭૦ | ૪૭૧ |
| ટમેટા | ૨૭૮ | ૪૯૪ |
| સુરણ | ૭૩૫ | ૯૪૬ |
| કોથમરી | ૧૩૦૭ | ૧૮૮૮ |
| રીંગણા | ૭૭ | ૨૪૯ |
| કોબીજ | ૨૩૩ | ૪૮૧ |
| ફ્લાવર | ૪૩૪ | ૭૧૨ |
| ભીંડો | ૬૨૬ | ૧૦૧૩ |
| ગુવાર | ૭૫૫ | ૧૨૬૬ |
| ચોળાસીંગ | ૩૩૭ | ૬૧૦ |
| ટીંડોળા | ૩૪૩ | ૭૨૩ |
| દુધી | ૨૦૭ | ૪૧૧ |
| કારેલા | ૩૭૭ | ૬૬૪ |
| સરગવો | ૫૭૬ | ૧૧૨૩ |
| તુરીયા | ૬૧૨ | ૮૩૩ |
| પરવર | ૫૨૪ | ૭૪૮ |
| કાકડી | ૩૦૩ | ૬૫૪ |
| ગાજર | ૩૨૪ | ૫૧૮ |
| વટાણા | ૧૬૨૩ | ૨૪૧૮ |
| ગલકા | ૧૨૩ | ૨૯૮ |
| બીટ | ૪૧૨ | ૬૨૭ |
| મેથી | ૧૩૩૮ | ૧૬૨૧ |
| ડુંગળી લીલી | ૮૧૭ | ૧૧૬૯ |
| આદુ | ૧૭૭૯ | ૩૦૭૧ |
| મરચા લીલા | ૮૨૧ | ૧૦૩૩ |
| મકાઇ લીલી | ૧૬૮ | ૩૩૪ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૨૧ | ૧૮૫૧ |
| ઘઉં લોકવન | ૪૭૧ | ૫૮૬ |
| ઘઉં ટુકડા | ૪૯૨ | ૬૫૦ |
| મગફળી જીણી | ૧૧૨૧ | ૧૬૯૬ |
| સિંગદાણા જાડા | ૧૬૦૧ | ૨૦૮૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૭૧ |
| એરંડા / એરંડી | ૧૦૭૫ | ૧૪૦૧ |
| જીરૂ | ૨૧૫૧ | ૪૧૨૧ |
| વરીયાળી | ૯૭૬ | ૧૭૨૬ |
| ધાણા | ૨૭૦૧ | ૩૧૭૧ |
| લસણ સુકું | ૯૯૧ | ૨૩૦૧ |
| ડુંગળી લાલ | ૧૩૧ | ૫૦૧ |
| અડદ | ૭૨૬ | ૧૯૮૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૬૨૧ |
| રાજગરો | ૧૨૫૧ | ૧૨૫૧ |
| રાયડો | ૧૩૦૦ | ૧૪૮૧ |
| રાય | ૧૪૦૦ | ૧૭૮૧ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૧૧ |
| કાંગ | ૬૩૧ | ૬૫૧ |
| સુરજમુખી | ૧૦૫૧ | ૧૧૦૧ |
| ગુવાર બી | ૮૨૬ | ૮૨૬ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૬૯૧ |
| ધાણી | ૨૮૦૧ | ૩૧૮૧ |
| બાજરો | ૩૧૧ | ૫૨૧ |
| જુવાર | ૧૨૯૧ | ૧૩૩૧ |
| મકાઇ | ૪૬૧ | ૪૮૧ |
| મગ | ૧૧૦૧ | ૧૭૯૧ |
| વાલ | ૬૭૬ | ૧૧૩૧ |
| ચોળા / ચોળી | ૬૫૧ | ૧૫૦૧ |
| સોયાબીન | ૧૦૩૧ | ૧૪૯૧ |
| ગોગળી | ૮૦૧ | ૧૩૫૧ |
| વટાણા | ૩૫૧ | ૮૬૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૧૮૦ | ૬૦૦ |
| દુધી | ૧૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૮૦૦ |
| કાકડી | ૧૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૧૦ | ૨૪૦ |
| ભીંડો | ૨૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦ | ૨૪૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૨૮૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૧૦ |
| કોથમીર પુરા | ૬ | ૧૫ |
| મૂળા પુરા | ૩ | ૧૨ |
| ફોદીનો પુરા | ૩ | ૫ |
| ચૂરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૭૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૫ | ૨૩ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૩૦ | ૬૦ |
| ચોરા | ૨૦૦ | ૧૧૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| વાલોર | ૧૮૦ | ૨૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૮૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૨૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૫ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૩૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૨૧૫૫ |
| તલ સફેદ | ૧૫૮૦ | ૨૭૩૦ |
| તલ કાળા | ૨૩૪૫ | ૩૮૫૫ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૪૭૦ |
| બાજરો | ૪૧૦ | ૧૨૭૫ |
| જુવાર | ૪૧૦ | ૧૨૭૫ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૮૫ | ૫૫૦ |
| મગ | ૧૩૦૦ | ૧૭૧૦ |
| ચણા | ૧૦૩૦ | ૧૨૪૦ |
| સફેદ ચણા | ૧૦૮૦ | ૧૨૫૦ |
| વટાણા | ૭૮૦ | ૭૮૦ |
| તુવેર | ૯૦૦ | ૧૫૦૦ |
| કપાસ | ૧૧૫૦ | ૧૯૧૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૨૯૦ |
| ધાણી | ૧૯૦૦ | ૩૦૬૫ |
| અજમા | ૨૬૧૦ | ૨૬૨૦ |
| મેથી | ૧૧૯૫ | ૧૩૩૫ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૫૦૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૨૭૦ |
| રીંગણા | ૧૧૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૬૨૦ | ૭૩૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| શક્કરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૭૦૦ | ૭૫૦ |
| સુરણ | ૮૩૦ | ૯૩૦ |
| ગાજર | ૫૨૦ | ૬૧૦ |
| દુધી | ૨૧૦ | ૨૭૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૧૫૦ | ૫૦૦ |
| ચીભડા | ૬૫૦ | ૧૦૭૦ |
| કાકડી | ૪૨૦ | ૬૨૦ |
| ગુવાર | ૧૦૨૦ | ૧૪૦૦ |
| વટાણા | ૨૯૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૬૨૦ | ૭૩૦ |
| આદુ | ૧૮૦૦ | ૨૮૦૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૧૦૨૦ | ૧૨૪૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૭૩૦ | ૭૯૦ |
| બીટ | ૩૮૦ | ૪૯૦ |
| સરગવો | ૮૨૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૪૨૦ | ૧૬૩૦ |
| ડુંગળી સુકી | ૨૩૦ | ૫૪૦ |
| લસણ સુકું | ૧૨૫૦ | ૨૩૦૦ |
| પાલક | ૭૫૦ | ૮૨૦ |
| લીંબુ | ૬૨૦ | ૭૩૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૧૩૦૦ | ૧૪૩૨ |
| શીંગ દાણા | ૧૮૪૦ | ૨૭૦૧ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૫૫૦ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૮૦૦ |
| જીરૂ | ---- | ૩૮૧૧ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૫૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૩૪ |
| બાજરો | ૪૦૦ | ૫૧૨ |
| જુવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મગ | ૧૨૭૫ | ૧૫૦૪ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૯૦ |
| તુવેર | ૧૨૧૦ | ૧૪૦૦ |
| **ધારી** | | |
| ઘઉં લોકવન | ૪૭૬ | ૪૭૬ |
| ચણા | ૧૦૩૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૩૫૦ | ૧૪૨૫ |
| ધાણા | ૨૩૮૦ | ૨૩૮૦ |
| સુવાદાણા | ૧૨૨૫ | ૧૨૨૫ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૨૦૦ |
| શીંગ દાણા | ૧૮૮૦ | ૧૯૮૭ |
| અડદ | ૧૭૧૦ | ૧૭૧૦ |
| એરંડા | ૧૨૦૫ | ૧૨૦૫ |
| કલોંજી | ૧૮૦૦ | ૨૫૦૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૩૯૨ |
| મગ | ૧૪૭૫ | ૧૪૭૫ |
| **બાબરા** | | |
| મગફળી | ૧૧૬૦ | ૧૩૦૫ |
| તલ સફેદ | ૨૪૦૫ | ૨૫૫૦ |
| જીરૂ | ૩૦૦૫ | ૩૮૦૫ |
| ઘઉ | ૫૦૧ | ૫૨૦ |
| **ભેંસાણ** | | |
| ઘઉં | ૪૬૩ | ૫૧૦ |
| જુવાર | ૯૦૧ | ૯૦૧ |
| મગ | ૫૦૧ | ૧૫૦૦ |
| ચણા | ૮૦૧ | ૧૨૨૧ |
| અડદ | ૯૯૬ | ૯૯૬ |
| તુવેર | ૫૦૦ | ૧૪૫૧ |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૧૧ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૨૦૦૧ |
| શિંગફાડા | ૧૪૦૧ | ૧૭૩૧ |
| તલ સફેદ | ૧૭૦૧ | ૨૪૨૬ |
| તલ કાળા | ૮૦૦ | ૨૦૦૦ |
| મેથી | ૮૦૧ | ૧૩૬૬ |
| ધાણા | ૧૫૦૧ | ૨૮૩૬ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૪૬૬ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૧૮૦ | ૧૧૮૦ |
| જુવાર | ૪૪૩ | ૧૨૭૯ |
| બાજરી | ૪૨૨ | ૪૯૨ |
| ઘઉં ટુકડા | ૪૩૮ | ૫૬૩ |
| મકાઈ | ૩૯૬ | ૩૯૬ |
| અડદ | ૧૯૮૬ | ૧૯૮૬ |
| મગ | ૧૬૦૬ | ૧૭૧૬ |
| સોયાબીન | ૨૦૯૦ | ૨૦૯૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૭૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૬૦૦ |
| તલ કાળા | ૧૪૦૦ | ૩૬૭૦ |
| તુવેર | ૭૦૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૩૯૦૦ | ૩૯૦૦ |
| ડુંગળી લાલ | ૯૦ | ૫૩૨ |
| ડુંગળી સફેદ | ૨૩૬ | ૪૧૭ |
| નાળીયેર | ૫૬૫ | ૨૭૪૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૧૧ | ૧૪૮૦ |
| બાજરી હાઈબ્રીડ | ૪૨૦ | ૫૩૭ |
| ઘઉં | ૪૫૦ | ૫૪૮ |
| રાય | ૧૪૦૦ | ૧૪૬૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૪૬૦ |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૮૫ |
| અડદ | ૧૮૦૦ | ૨૦૧૩ |
| મગ | ૧૩૫૦ | ૨૧૧૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૭૮ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૪૨૫ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૮૦૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૪૩૨ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૧૬૭ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૨૨૦ | ૧૨૫૫ |
| બાજરી | ૩૦૦ | ૪૪૦ |
| ઘઉં | ૩૫૦ | ૫૨૫ |
| મગ | ૧૫૦૫ | ૧૫૫૦ |
| અડદ | ૨૦૦૦ | ૨૧૦૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૩૪૫ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૭૫ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૧૩૦૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૩૫૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૭૨ |
| તલી | ૧૬૧૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૧૬૦૦ | ૨૮૦૦ |
| રાયડો | ૧૧૫૧ | ૧૫૧૨ |
| રાઈ | ૧૩૫૦ | ૧૭૦૧ |
| લસણ | ૮૦૦ | ૨૮૯૦ |
| કપાસ | ૧૩૪૫ | ૧૭૫૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૩૫ |
| અજમો | ૧૧૦૦ | ૩૫૨૦ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૫૦૦ |
| ધાણા-ધાણી | ૨૩૭૦ | ૨૮૮૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૪૪૦ |
| શીંગદાણા | ૧૩૫૦ | ૨૨૦૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કલોંજી | ૧૮૦૦ | ૩૩૧૫ |
| રાજમા | ૧૨૦૦ | ૧૪૦૫ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૧૧૦૧ | ૨૬૦૧ |
| તલ કાળા | ૩૫૪૧ | ૩૫૪૧ |
| કપાસ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| બાજરો | ૩૮૧ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૩૬ | ૫૪૦ |
| જુવાર | ૩૦૦ | ૧૨૩૪ |
| મગ | ૧૬૦૦ | ૧૬૩૦ |
| અડદ | ૧૫૩૧ | ૧૫૩૧ |
| તુવેર | ૧૧૪૧ | ૧૧૪૧ |
| ચણા | ૯૦૧ | ૧૨૦૦ |
| મેથી | ૧૨૨૬ | ૧૩૩૧ |
| રાય | ૧૫૦૧ | ૧૫૦૧ |
| શીંગદાણા | ૧૯૫૦ | ૧૯૫૦ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૬ |
| ચણા | ૭૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૮૯૦ |
| તુવેર | ૯૬૧ | ૧૨૫૦ |
| સોયાબીન | ૧૪૪૫ | ૧૪૬૮ |
| સીંગદાણા | ૧૫૦૦ | ૧૯૭૦ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૪૫૫ |
| મગફળી | ૧૧૪૦ | ૧૨૫૨ |
| ચણા સફેદ | ૧૦૨૦ | ૧૦૨૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# વિસાવદરના જાંબુડી ગામમાં દીપડાનો આતંક, વૃધ્ધા પર કર્યો જીવલેણ હુમલો



જૂનાગઢ,તા.૨૨


જૂનાગઢ જિલ્લાના સરહદી વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી હિંસક વન્યપ્રાણીઓની અવરજવર વધતા લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે વિસાવદર તાલુકાના જાંબુડી ગામમાં દીપડાએ ઘરમાં ઘૂસીને વૃધ્ધા પર હુમલો કરતા ચકચાર મચી ગઈ છે.જાંબુડી ગામની સીમ વિસ્તારમાં આવેલી વાડીમાં પુંજાભાઈ જેસાભાઈ વાળા પરિવાર સાથે રહે છે. મધરાતના સમયે તેમના માતા ડાહીબેન જેસાભાઈ વાળા ઘરમાં ઊંઘી રહ્યા હતા ત્યારે શિકારની શોધમાં આવેલો દીપડો આશરે ૧૮ ફૂટ ઊંચી કંપાઉન્ડ વોલ ઠેકીને ઘરમાં ઘૂસી આવ્યો હતો.દીપડો ઓસરીના રસ્તેથી ઘરમાં પ્રવેશી ઊંઘી રહેલી વૃદ્ધા પર ત્રાટક્યો હતો. હુમલામાં ડાહીબેનને માથા, હોઠ, પીઠ સહિતના ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે ગ્રામજનોમાં ભય ફેલાયો છે અને વન વિભાગ દ્વારા દીપડાને પકડવા કાર્યવાહી હાથ ધરવાની માંગ ઉઠી છે.

# તોરી ગ્રામપંચાયત કચેરીમાં જુની અદાવતમાં સરપંચ પર હુમલો

**સામાપક્ષે તા. પં. પ્રમુખ પતિ યોગેશ પાનસૂરીયા પણ દવાખાનામાં દાખલ**

અમરેલી,તા.૨૨

વડિયા તાલુકાના તોરી ગામની ગ્રામપંચાયત કચેરીમાં તાલુકા પંચાયત પ્રમુખના પતિ યોગેશભાઈ પાનસુરીયા અને કાર્યકારી સરપંચ પરેશભાઈ કોટડીયા વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારીની ઘટના બની હતી. બંને વચ્ચે ખુરશીઓ ઉડી હતી અને બટકા ભર્યાની ઘટના સામે આવતા ગ્રામપંચાયત કચેરીમાં અફરાતફરી મચી હતી. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો એકત્ર થયા હતા. બંને નેતાઓ ઈજાગ્રસ્ત થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વડિયા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.પરેશભાઈ કોટડીયાને વધુ ઈજા હોવાથી તેમને વધુ સારવાર માટે જેતપુર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. બનાવ



પાછળના કારણ અંગે મળતી માહિતી મુજબ, તોરી ગામના પૂર્વ સરપંચ સોનલબેન પાનસુરીયા તાલુકા પંચાયતના સભ્ય તરીકે ચૂંટાઈ આવતા સરપંચ પદનો ચાર્જ પરેશભાઈ કોટડીયાને સોંપવામાં આવ્યો હતો. ચાર્જ સંભાળ્યા બાદ પરેશભાઈ કોટડીયા દ્વારા પૂર્વ સરપંચના કાર્યકાળ દરમિયાન થયેલા વિકાસ કાર્યોના બિલો, કામગીરી તેમજ અન્ય વહીવટી બાબતો અંગે માહિતી મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. ઉપરાંત, પૂર્વ સરપંચના કાર્યકાળ દરમિયાન થયેલા કથિત ભ્રષ્ટાચારના મામલે જિલ્લા વિકાસ અધિકારી તેમજ વિકાસ કમિશનર દ્વારા અંદાજે રૂ. ૧૩થી ૧૪ લાખની વસૂલાત અંગે અગાઉ હુકમ કરવામાં આવ્યો હતો. આ હુકમ અને અન્ય બાબતોને લઈને પરેશભાઈ કોટડીયા દ્વારા વારંવાર માહિતીના અધિકાર હેઠળ અરજીઓ કરી માહિતી માંગવામાં આવતી હતી. આ મુદ્દે બંને પક્ષો વચ્ચે લાંબા સમયથી મતભેદ ચાલતા હોવાનું સ્થાનિક સૂત્રો જણાવી રહ્યા છે. જો,કે અન્ય પણ કારણોસર હુમલો થયો હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. ઘટનાની જાણ થતાં વડિયા પોલીસ સ્થળ પર પહોંચી તપાસ અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# વેરાવળના ઈશ્વરીયા ગામે ખેતમજૂર પર હુમલો કરનાર દીપડો પાંજરે પુરાયો



કોડીનાર, તા.૨૨

વેરાવળ તાલુકાના ઈશ્વરીયા ગામે ખેતમજૂર પર હુમલો કરી દહેશત ફેલાવનાર દીપડાને વન વિભાગે સફળતાપૂર્વક પાંજરે પૂર્યો છે. ઘટના બાદ વન વિભાગ દ્વારા સતત ટ્રેકિંગ અને પાંજરાં ગોઠવીને હાથ ધરાયેલી કામગીરી બુધવારે વહેલી સવારે રંગ લાવી હતી. વન વિભાગની ટીમ દ્વારા ગોઠવાયેલા પાંજરામાં આશરે ૫ થી ૯ વર્ષનો દીપડો સવારે ઝડપાઈ ગયો હતો. દીપડો પાંજરે પુરાતા ખેડુતોએ હાશકારો અનુભવ્યો હતો.

# સમઢીયાળા મંડળી ઉચાપત કેસમાં મંત્રીનો નિર્દોષ છુટકારો કાયમ રાખતી ડિસ્ટ્રિક્ટ કોર્ટ

**બચાવ પક્ષે એડવોકેટ ઉદયન ત્રિવેદી અને હરનીલ ત્રિવેદી રોકાયેલા હતા**

અમરેલી,તા.૨૨

બાબરા તાલુકાના સમઢીયાળા સેવા સહકારી મંડળીમાં રૂ. ૨,૫૩,૩૦૦ ની ઉચાપત અંગે અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના વહીવટદારે બાબરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



આ કેસમાં મંત્રી અરજણભાઈ નાનજીભાઈ ખણેસા અને પ્રમુખ દેવાયતભાઈ નારણભાઈ હુંબલ સામે બનાવટી દસ્તાવેજોના આધારે લોન મેળવી અંગત હેતુ માટે વાપરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. પોલીસે તપાસ પૂર્ણ કરી આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી હતી. બાબરાના પ્રિન્સિપલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં કેસ ચાલતા, ફરિયાદ પક્ષ આરોપ સાબિત કરી શક્યો ન હતો. આથી કોર્ટે મંત્રી અરજણભાઈ ખણેસાને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. કોર્ટના આ નિર્ણય સામે સરકારે ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં અપીલ કરી હતી. ડિસ્ટ્રિક્ટ જજ આર. વી. બુખારી સમક્ષ ચાલેલી સુનાવણીમાં આરોપી તરફે સિનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદી અને હરનીલ ત્રિવેદી રોકાયા હતા. તેમની ધારદાર દલીલોને ધ્યાને લઈને ડિસ્ટ્રિક્ટ કોર્ટે સરકારની અપીલ નામંજૂર કરી મંત્રીના નિર્દોષ છુટકારાનો હુકમ કાયમ રાખ્યો છે.

# નાથળ JGY ગામોમાં વીજ સમસ્યા અંગે ઉર્જા મંત્રીને કરાઈ રજૂઆત

ઉના,તા.૨૨

ગીર સોમનાથ જિલ્લાના નાથળ જ્યોતિગ્રામ યોજના હેઠળ આવતા ગામોમાં વારંવાર વીજ કાપ, વીજ વાયર તૂટવા અને ડીમ પાવરની સમસ્યાથી ગ્રામજનો પરેશાન છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે જિલ્લા પંચાયતના મોટાડેસર બેઠકના સભ્ય દક્ષાબેન ભરતભાઈ શિંગડેએ ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાને રજૂઆત કરી છે. નાથળ, મોટા ડેસર, શાહ ડેસર, લામધાર સહિતના ગામોમાં અવારનવાર વીજ પુરવઠો ખોરવાય છે. ગ્રામજનોને નિયમિત વીજ કાપ ઉપરાંત રિપેરિંગના બહાને પણ વીજળી બંધ રહેતી હોવાની ફરિયાદ છે. જેથી વીજ વ્યવસ્થા સુધારવા જરૂરી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

નં. જન્મ કેસ રજી. નં. ૨૬૦/૨૦૨૬

પ્રતિ,
મનસુરી ઈકબાલ ઈસ્માઈલભાઈ,
રહે. કોટડા, ગામ-કોટડા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર


**વિરૂધ્ધ**
રજિસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વેલણ વેલણ, તા. કોડીનાર, જિ. ગીર સોમનાથ ...... સામાવાળા

આથી લાગતા વળગતાઓને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોટડા ગામના રહીશ મનસુરી દાઉદ મુસાજી તથા હવાબેનના પુત્ર મનસુરી ફારૂક દાઉદનો જન્મ તારીખઃ ૦૧/૦૬/૧૯૭૩ ના રોજ કોડીનાર તાલુકાના કોટડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત વેલણ વેલણ, તાલુકો-કોડીનાર સને ૧૯૭૩ ના જન્મ રજિસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજિસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૯/૦૭/૨૦૨૬ ના રોજ ૧૧:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# અમરેલીની શાળાઓમાં PSI દ્વારા 'ગુડ ટચ બેડ ટચ' વિષય પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



અમરેલી,તા.૨૨

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, અમરેલી સ્થિત એસ.એમ. વઘાસીયા ઈંગ્લીશ મીડિયમ લોઅર પ્રાઈમરી સ્કૂલ અને જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ ખાતે PSI-અમરેલી સીટી પોલીસ સ્ટેશન દ્વારા 'ગુડ ટચ બેડ ટચ' વિષય પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન તેમણે વિદ્યાર્થીઓને સારા અને ખરાબ સ્પર્શનો ફરક સમજાવી તેમની સુરક્ષા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત, કોઈ પણ અણગમતા બનાવ સમયે ડર્યા વગર માતા-પિતા, શિક્ષક અથવા પોલીસને જાણ કરવાની પ્રેરણા આપવામાં આવી હતી.

# રાજુલામાં યુવાને સોનમ વાંગચુકના આંદોલનને આપ્યું નૈતિક સમર્થન


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૨૨

રાજુલા શહેરના ડો. બાબાસાહેબ આંબેડકર સર્કલ ખાતે મોરંગી ગામના યુવાન મોહિત રાઠોડે સોનમ વાંગચુકના ઉપવાસ આંદોલનને નૈતિક સમર્થન આપ્યું હતું. હાથમાં પોસ્ટરો લઈને તેઓ સવારથી સાંજ સુધી ઊભા રહી વિદ્યાર્થીઓના હકમાં અવાજ ઉઠાવતા રહ્યા હતા. દિલ્હીના જંતર-મંતર ખાતે સોનમ વાંગચુક NEET પેપર લીક મામલે વિદ્યાર્થીઓને ન્યાય મળે અને શિક્ષણ મંત્રી રાજીનામું આપે તેવી માંગ સાથે ઉપવાસ પર બેઠા છે. મોહિત રાઠોડે જણાવ્યું કે પેપર લીક જેવી ઘટનાઓથી વિદ્યાર્થીઓની મહેનત વ્યર્થ જાય છે અને ન્યાય માટેની આ લડતમાં તેઓ સોનમ વાંગચુકની સાથે છે.

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

નં. જન્મ કેસ રજી. નં.: ૨૬૧/૨૦૨૬

પ્રતિ,
મનસુરી ઈકબાલ ઈસ્માઈલભાઈ,
રહે. કોટડા, ગામ-કોટડા, તાલુકો-કોડીનાર,
જીલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વેલણ વેલણ, તા. કોડીનાર, જિ. ગીર સોમનાથ......... સામાવાળા

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોટડા ગામના રહીશ મનસુરી દાઉદ મુસાજી તથા હવાબેનના પુત્ર મનસુરી રફિક દાઉદનો જન્મ તારીખઃ ૨૩/૦૧/૧૯૭૮ ના રોજ કોડીનાર તાલુકાના કોટડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત વેલણ વેલણ, તાલુકો-કોડીનાર સને ૧૯૭૮ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૯/૦૭/૨૦૨૬ ના રોજ ૧૧:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

નં. જન્મ-મરણ કેસ નં. ૪૫/૨૦૨૬

પ્રતિ,
વંશ હમીરભાઈ માલાભાઈ,
રહે. વેલણ, ગામ-વેલણ,
તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ
પી. પી. વાઘેલા, કોડીનાર
...........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, વેલણ, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ
............ સામાવાળા

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જીલ્લાના કોડીનાર તાલુકાના વેલણ ગામના રહીશ વંશ હમીરભાઈ માલાભાઈના મોટા બાપા સ્વ. ભગવાનભાઈ ગોવિંદભાઈ વંશનું મરણ તારીખઃ રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રીના રોજ કોડીનાર તાલુકાના ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના ના ૨૮/૦૬/૧૯૯૭ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૯/૦૭/૨૦૨૬ ના રોજ ૧૧:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

નં. જન્મ-મરણ કેસ નં.૪૪/૨૦૨૬

પ્રતિ,
વંશ હમીરભાઈ માલાભાઈ,
રહે. વેલણ, ગામ-વેલણ,
તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ
પી. પી. વાઘેલા, કોડીનાર
...........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, વેલણ, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ
............ સામાવાળા

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જીલ્લાના કોડીનાર તાલુકાના વેલણ ગામના રહીશ વંશ હમીરભાઈ માલાભાઈના પિતા સ્વ. માલાભાઈ ગોવિંદભાઈ વંશનું મરણ તારીખઃ રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રીના રોજ કોડીનાર તાલુકાના ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના ના ૦૧/૦૬/૧૯૮૩ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૯/૦૭/૨૦૨૬ ના રોજ ૧૧:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં. ૨૪૪/૨૦૨૬
જન્મ તારીખ : ૨૬/૧૦/૧૯૭૯

બિલકિસ અલ્લારખા મન્સુરી,
રહે. કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ
.......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલિકા, કોડીનાર, તા. કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી બિલકિસ અલ્લારખા મન્સુરી, રહે. કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી અલ્લારખા ઈસ્માઈલ મન્સુરી તથા બિલકીશ અલ્લારખા મન્સુરી ના પુત્રી નફીસા અલ્લારખા મન્સુરીનો જન્મ તારીખ ૨૬/૧૦/૧૯૭૯ ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૦/૦૭/૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## દસ્તાવેજ કરતા પહેલાની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર મનોજભાઈ એન. દવે, એડવોકેટ એન્ડ નોટરી ઓફિસઃ "દેવ કોર્પોરેટ" બસ સ્ટેન્ડ પાસે, લીલીયા મોટા, જી. અમરેલી, મો.નં. ૯૪૨૬૭ ૧૬૪૨૫ આથી જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમરેલી સબ ડીસ્ટ્રીક્ટ લીલીયા મોટા તાલુકાના મોજે ગામ શેઢાવદર ખાતા નં.૨૮૯, જેના (૧) રે.સર્વે નં.૪૨/૨નું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૩-૫૫-૨૦ ના આકાર રૂા. ૧૯.૧૯, (૨) રે.સર્વે નં.૪૬/૨ પૈકી ૨ નું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૨-૫૨-૯૩ ના આકાર રૂા. ૧૩.૬૩, (૩) રે.સર્વે નં. ૪૬/૨ પૈકી ૩ નું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૨-૫૨-૯૩ ના આકાર રૂા. ૧૩.૬૨, (૪) રે.સર્વે નં.૮૬ પૈકી ૧ નું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૨૧-૪૧ ના આકાર રૂા. ૬.૬૫, (૫) રે.સર્વે નં. ૮૬ પૈકી ૩ નું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૩૯-૬૧ ના આકાર રૂા. ૭.૪૫, ની જુની શરતીની ખેતીની જમીન તેના રેવન્યુ રેકોર્ડ મુજબ હાલના ખાતેદાર મગનભાઈ બચુભાઈ ઉકાણી, રહે. પુંજાપાદર, તા. લીલીયા મોટા, જિ. અમરેલી હાલ સુરતની સ્વતંત્ર માલીકીની કબ્જા ભોગવટાની તથા રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમરેલી સબ ડીસ્ટ્રીક્ટ લીલીયા મોટા તાલુકાના મોજે ગામ ભેંસવડી ખાતા નં. ૮૮, જેના (૧) રે.સર્વે નં. ૧૧૪/૫ પૈકી ૩ નું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૨૧-૪૧ ના આકાર રૂા. ૮.૨૫, ની જુની શરતીની ખેતીની જમીન તેના રેવન્યુ રેકોર્ડ મુજબ હાલના ખાતેદાર મમતાબેન મગનભાઈ ઉકાણી, રહે. પુંજાપાદર, તા. લીલીયા મોટા, જિ. અમરેલી હાલ સુરતની સ્વતંત્ર માલીકીની કબ્જા ભોગવટાની તે અમોએ અમારા અસીલે ટાઈટલ ક્લીયર સર્ટી અમારી પાસે માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર કોઈ પણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો કે બાનાખત પાવર, બાનાચીઠ્ઠી, કબજા હક્ક તેમજ વાંધો કે તકરાર હોય તો દિન–૭ (સાત) માં તે બદલના પુરાવાની સર્ટીફાઈડ નકલો સહિત લેખીતમાં રજીસ્ટર પોસ્ટ એડીથી અમો એડવોકેટ ને જાણ કરવી અને જો તેમ કરવા કસૂર કરવામાં આવશે તો તેવા તમામ હક્ક અધિકાર જતા યાને (વેવ) થયા છે તેમ સમજી મુદત વિત્યે દસ્તાવેજ કરી ટાઈટલ ક્લીયર સર્ટી આપીશું ત્યાર બાદ કોઈ પણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહી તેની ગંભીર નોંધ લેશો.

**મનોજભાઈ એન.દવે, એડવોકેટ એન્ડ નોટરી,**
**સરનામુઃ દેવ કોર્પોરેટ, બસ સ્ટેશન પાસે, લીલીયા મોટા-૩૬૫૫૩૫**
**મો.નં.૯૪૨૬૭ ૧૬૪૨૫, ૬૩૫૧૦ ૪૧૮૮૬**

**-:: જાહેર નોટીસ ::-**

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.: ૩૪/૨૦૨૬
મરણ તારીખઃ ૧૦/૦૫/૧૯૯૪

સોમીબેન પીઠાભાઈ ભેડા
રહે. દેવલપુર, ગામ-દેવલપુર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર
કે.સી. ઉપાધ્યાય, કોડીનાર.

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી ,ગ્રામ પંચાયત કચેરી, દેવલપુર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સોમીબેન પીઠાભાઈ ભેડા, રહે. દેવલપુર, ગામ-દેવલપુર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પુત્રી મસરીભાઈ પીઠાભાઈ ભેડાનું મરણ તારીખઃ ૧૦/૦૫/૧૯૯૪ ના રોજ કોડીનાર તાલુકાના દેવલપુર ગામ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે.અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૦ માહે.૦૭ સને ૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

જી. અમરેલી, તા. સાવરકુંડલાના મોજે ગામ મેકડાનાં ખેડ ખાતા નં. ૫૧૧ નાં (૧) રે. સ. નં. ૧૩૬ (૨) રે. સ. નં. ૧૩૭ પૈકી ૧ (૩) ૧૩૫ પૈકી ૪ (૪) ૧૫૦/૧ પૈકી ૧ વાળી ખેતીની જમીનના

## વેચાણ બાબતની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા અને હિત ધરાવનારાઓ તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ અમરેલી, તા. સાવરકુંડલા, મોજે ગામ **મેકડા**ના ખેડ ખાતા નં. **૫૧૧** નાં (૧) રે. સ. નં. **૧૩૬** નાં કુલ હે.આરે. ૧–૬૪–૯૧ ચો. મી. જેનો આકારઃ રૂા. **૭-૬૨** પૈસા (૨) રે. સ. નં. **૧૩૭ પૈકી ૧** નાં કુલ હે.આરે. **૧–૫૮-૮૪** ચો.મી. જેનો આકારઃ રૂા. **૭-૩૭** પૈસા (૩) રે. સ. નં. **૧૩૫ પૈકી ૪** નાં કુલ હે.આરે. **૦-૪૦-૪૭** ચો.મી. જેનો આકારઃ રૂા. **૨–૨૨** પૈસા (૪) રે. સ. નં. **૧૫૦/૧ પૈકી ૧** નાં કુલ હે.આરે. **૨-૦૨-૩૪** ચો.મી. જેનો આકારઃ રૂા. **૧૧–૨૫** પૈસા વાળી જુની શરતની ખેતીલાયક જમીન **(૧) જીલડીયા જયાબેન ધરમણભાઈ (૨) જીલડીયા ભાવનાબેન ધરમણભાઈ (૩) જીલડીયા સુભાષભાઈ ધરમણભાઈ** ની સંયુક્ત માલીકીની અને કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી અને તમામ પ્રકારના હક્ક અને અધિકારો હોવાનું જણાવતા ઉપરોક્ત વિગત વર્ણન વાળી ખેતીની જમીન અમારા અસીલ એ વેચાણ રાખવાનું નક્કી કરેલ છે. ટૂંક સમયમાં અમારા અસીલ સદરહું મિલકતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી આપી સદરહું મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. તેના સ્વતંત્ર અને સંપૂર્ણ માલિક તરીકે સદરહું મિલ્કત ખેતી લાયક જમીન સબંધે, ટાઈટલ સબંધે કે કબજા પરત્વે કે તેના વેચાણ સબંધે કોઈ વ્યક્તિ કે પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે સંસ્થા કે એસાઈનીઓ, વારસદારો, સરકારી-અર્ધ સરકારી કચેરી, શ્રોફ, ટ્રસ્ટ વિગેરે કોઈપણનો કોઈપણ જાતનો લાગ-ભાગ, દર–દાવો કે હક્ક, હિત હિસ્સો, ભરણપોષણનો હક્ક, વારસાઈ હક્ક હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૦૭ (સાત) માં અમારી ઓફિસે લેખિતમાં આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત દરમ્યાન જો કોઈ વાંધા તકરાર નહીં આવે તો કોઈનો આ જમીનમાં કોઈપણ જાતનો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો (Waive) કરેલ છે તેમ માની અમારા અસીલ વેચાણ વ્યવહાર પૂર્ણ કરી જમીનનો સ્થળ ઉપર માપણી કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. તેમજ ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરારો અમારા અસીલને શુધ્ધ બુધ્ધિના ખરીદકર્તા તરીકે બંધનકર્તા રહેશે નહીં. તેમજ સદરહું મિલકતનો (ખેડવાણ ખેતીની જમીનનો) વેચાણ દસ્તાવેજ કરાવી લેશે જેની સર્વે લાગતા-વળગતાઓએ સ્પષ્ટ પણે નોંધ લેવી.

**સ્થળઃ- લાઠી,તારીખઃ-૨૨/૦૭/૨૦૨૬**

**ઓફીસઃ- શ્રી વર્ધમાન ચેમ્બર્સ, મેઈન બઝાર,**
**જુની શાકમાર્કેટ સામે, ભોળીયા હનુમાનજી,મંદિરની બાજુમાં, મુ.લાઠી, તા.લાઠી,**
**જી.અમરેલી-૩૬૫૪૩૦**

**અમારા અસીલની ફરમાઈશ અને સુચનાથી**
**અમારી મારફત**
**ચંદ્રેશ પી. તુરખીયા**
**(તે ખરીદનારના એડવોકેટ)**

# જેનેરિક દવાઓ પર અમેરિકાનો મોટો નિર્ણય, બે વર્ષ બાદ ૨૦૦% સુધી ટેરિફની તૈયારી

**ભારે ટેરિફથી અમેરિકામાં દવાઓની કિંમત વધે તેવી સંભાવના**



વોશિંગ્ટન, તા.૨૨

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જેનેરિક દવાઓની આયાત અંગે મોટી જાહેરાત કરી છે. ટ્રમ્પ વહીવટીતંત્રે જણાવ્યું છે કે આયાતી જેનેરિક દવાઓ પર હાલ બે વર્ષ સુધી ટેરિફ નહીં લાગે, પરંતુ ઓગસ્ટ ૨૦૨૮થી ૧૦૦ ટકા અને ત્યારબાદ ૨૦૦ ટકા સુધી ટેરિફ લાદવાની યોજના છે.

અમેરિકાનો હેતુ દેશમાં દવા ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો અને વિદેશી નિર્ભરતા ઘટાડવાનો છે. આ નિર્ણયથી ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓમાં ચિંતા વધી છે, કારણ કે ભારત અમેરિકામાં જેનેરિક દવાઓનો મોટો નિકાસકાર છે. નિષ્ણાતોના મતે ભારે ટેરિફથી અમેરિકામાં દવાઓની કિંમત વધી શકે છે અને દર્દીઓ પર આર્થિક ભાર વધવાની શક્યતા છે. ભારતીય કંપનીઓ આગામી સમયમાં પોતાની નિકાસ નીતિ અને રોકાણ યોજનાઓમાં ફેરફાર કરવાની સ્થિતિમાં આવી શકે છે.

# વિદેશમંત્રી જયશંકરનો મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક માટે પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર

મનીલા, તા.૨૨

ભારતે મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર પ્રત્યે પોતાની પ્રતિબધ્ધતા ફરી વ્યક્ત કરી છે. મનીલામાં યોજાયેલી ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓની બેઠકમાં વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું કે આ ક્ષેત્રમાં આસિયાનની કેન્દ્રીય ભૂમિકા ભારતની મુખ્ય પ્રાથમિકતાઓમાં સામેલ છે.



બેઠકમાં અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો, ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોંગ અને જાપાનના વિદેશ મંત્રી તોશિમિત્સુ મોટેગી પણ હાજર રહ્યા હતા. જયશંકરે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની સ્થિતિ અને તાજેતરના વિકાસ અંગે ચર્ચા કરી હતી.

ક્વાડ દેશોએ સંયુક્ત નિવેદનમાં મુક્ત, ખુલ્લા અને નિયમ આધારિત ઈન્ડો-પેસિફિક ક્ષેત્રને મજબૂત બનાવવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. સાથે જ આસિયાનની એકતા અને કેન્દ્રીય ભૂમિકા માટે અતૂટ સમર્થન જાહેર કર્યું હતું.

આ બેઠક એવા સમયે યોજાઈ છે જ્યારે ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં ચીનની વધતી લશ્કરી પ્રવૃત્તિઓને લઈને અનેક દેશો ચિંતિત છે. ક્વાડ દેશોએ પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા માટે સહયોગ વધારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# ટીએમસીના કલ્યાણ બેનર્જીને સમગ્ર ચોમાસુ સત્ર માટે સસ્પેન્ડ કરાયા

નવી દિલ્હી, તા.૨૨

ટીએમસીના સાંસદ કલ્યાણ બેનર્જીને ચોમાસા સત્રના બાકીના સમય માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સંસદમાં અન્ય સાંસદો સામે અપશબ્દોનો ઉપયોગ કરવાના આરોપ બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. લોકસભા અધ્યક્ષે જણાવ્યું કે તેમની ટિપ્પણીઓથી ગૃહની ગરિમાને ઠેસ પહોંચી હોવાથી સસ્પેન્શનનો નિર્ણય લેવાયો છે. હોબાળા બાદ કલ્યાણ બેનર્જી અને કેટલાક સાંસદો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. બાદમાં અન્ય વિપક્ષી સભ્યોએ દરમિયાનગીરી કરીને મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાના કારણો અંગે સ્પષ્ટ માહિતી સામે આવી નથી. કાર્યવાહી બાદ કલ્યાણ બેનર્જી ગૃહમાંથી બહાર નીકળી ગયા હતા અને હવે તેઓ ચોમાસા સત્રની કાર્યવાહીમાં ભાગ લઈ શકશે નહીં.

# પટનામાં જન સૂરજ પાર્ટીની ઓફિસ પર આવકવેરા વિભાગના દરોડા પડતા રાજકીય ચકચાર મચી

પટણા, તા.૨૨

બિહારમાં જન સૂરજ પાર્ટીની ઓફિસ પર આવકવેરા વિભાગે દરોડા પાડતાં રાજકીય વર્તુળોમાં ચકચાર મચી છે. પટનાના વોર્ડ નંબર ૨૫માં આવેલી પાર્ટી ઓફિસમાં અધિકારીઓએ સર્ચ ઓપરેશન હાથ ધરી દસ્તાવેજો અને નાણાકીય રેકોર્ડની તપાસ શરૂ કરી છે. ઓફિસમાં હાજર લોકોની પણ પૂછપરછ કરવામાં



આવી રહી છે. સાથે જ પ્રશાંત કિશોરના નજીકના સહયોગી રવિ નારાયણ સિંહની હોટલ પર પણ આવકવેરા વિભાગે દરોડો પાડી નાણાકીય વ્યવહારો સંબંધિત દસ્તાવેજોની ચકાસણી શરૂ કરી છે. બંને સ્થળોએ એકસાથે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જોકે આ કાર્યવાહી કયા કેસ અથવા કઈ નાણાકીય ગેરરીતિને લઈને થઈ રહી છે તે અંગે વિભાગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી જાહેર કરી નથી. બાંકીપુર પેટાચૂંટણી પહેલા થયેલી આ કાર્યવાહીને લઈને રાજ્યના રાજકીય માહોલમાં ચર્ચા તેજ બની છે. તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર મામલાની હકીકત સ્પષ્ટ થશે.

# સાડી ન લાવવાના ઝઘડામાં પત્નીએ પતિની હત્યા કરી

**મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં બનાવ બન્યો**

થાણે, તા.૨૨

મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં સાડી ન લાવવાના મુદ્દે થયેલા ઝઘડામાં પત્નીએ પતિની હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. સપોલીસે ૩૦ વર્ષીય સુનિતા દેવી હરેરામ સિંહની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા મુજબ ઝઘડા દરમિયાન મહિલાએ પહેલા પતિ પર પ્રેશર કુકરના ઢાંકણથી હુમલો કર્યો હતો અને બાદમાં ગળું દબાવી તેની હત્યા કરી હતી. શરૂઆતમાં ઘટનાને અન્ય રીતે રજૂ કરવાનો પ્રયાસ થયો હતો, પરંતુ પોસ્ટમોર્ટમમાં ગળું દબાવવાના કારણે મોત થયાનું બહાર આવ્યું હતું. પરિવારજનો અને મકાનમાલિકની પૂછપરછ બાદ પોલીસે આરોપી પત્નીની ધરપકડ કરી હતી. સ્થાનિક અદાલતે આરોપીને ૨૯ જુલાઈ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો છે.

# ખલાસીઓને બચાવવાની ઘટનાને લઈ ચીની સંરક્ષણ એટેચીએ ભારતીય સેનાનો વ્યક્ત કર્યો આભાર

નવી દિલ્હી, તા. ૨૨

ભારતમાં ચીનના નવા સંરક્ષણ એટેચી રીઅર એડમિરલ યુ જિયાને ભારતીય સેનાનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે ગયા વર્ષે કેરળ કિનારે આગગ્રસ્ત કાર્ગો જહાજમાંથી ૧૨ ચીની ખલાસીઓને સુરક્ષિત બચાવવાની ઘટનાને ચીન ક્યારેય ભૂલી શકશે નહીં. ચીની



સેનાની સ્થાપનાની વર્ષગાંઠ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં તેમણે કહ્યું કે ભારત અને ચીન મહત્વપૂર્ણ પડોશી દેશો છે અને બંને દેશો વચ્ચેના સંબંધો ફરી સુધારાના માર્ગે આગળ વધી રહ્યા છે. તેમણે રાજદ્વારી અને લશ્કરી સ્તરે નિયમિત સંવાદ, પરસ્પર વિશ્વાસ અને સહયોગ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. યુ જિયાને જણાવ્યું કે બંને દેશોના સામાન્ય હિતો મતભેદો કરતાં વધુ મહત્વના છે. તાજેતરમાં બંને દેશોના નેતાઓ અને વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે થયેલી બેઠકો બાદ દ્વિપક્ષીય સંબંધોમાં હકારાત્મક પ્રગતિ જોવા મળી રહી હોવાનું પણ તેમણે જણાવ્યું.

# સિક્કિમ ટનલ દુર્ઘટનામાં મૃત્યુઆંક ૨૦ પર પહોંચ્યો, હજુ અનેક લોકોની શોધખોળ

ગંગટોક, તા. ૨૨

સિક્કિમના નામચી જિલ્લામાં નિર્માણાધીન ટનલમાં થયેલી દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૨૦ કામદારોના મોત થયા હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે. શંકાસ્પદ મિથેન ગેસના વિસ્ફોટ બાદ ટનલ ધરાશાયી થતાં અનેક કામદારો ફસાઈ ગયા હતા. બચાવ દળો સતત



કામગીરી ચલાવી રહ્યા છે અને બાકીના લોકોને સુરક્ષિત બહાર કાઢવાના પ્રયાસો ચાલુ છે. મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમંગે મૃતકોના પરિવારને ૪ લાખ અને ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની સહાય જાહેર કરી છે તેમજ ઘટનાની તપાસ માટે વિશેષ સમિતિ રચવાની જાહેરાત કરી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ મુખ્યમંત્રી સાથે વાતચીત કરી કેન્દ્ર સરકાર તરફથી તમામ મદદની ખાતરી આપી છે. મૃતકોના પરિવારને ૨ લાખ અને ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની સહાયની પણ જાહેરાત કરવામાં આવી છે. દુર્ઘટનાના કારણોની તપાસ ચાલુ છે.

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને વિરોધ પ્રદર્શનને રાજકારણનો કાળો દિવસ ગણાવ્યો

નવી દિલ્હી, તા. ૨૨

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને વડા પ્રધાનના નિવાસસ્થાન બહાર થયેલા વિરોધ પ્રદર્શનની આકરી ટીકા કરી છે. તેમણે રાહુલ ગાંધીના નેતૃત્વમાં યોજાયેલા પ્રદર્શનને ભારતીય રાજકારણના ઈતિહાસનો કાળો દિવસ ગણાવ્યો અને કહ્યું કે આ લોકશાહી વિરોધ નહીં પરંતુ અરાજકતાનું



રાજકારણ છે. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસના નેતાઓએ શિષ્ટાચારની મર્યાદા ઓળંગી અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. નીતિન નવીને જણાવ્યું કે વડા પ્રધાન સમગ્ર દેશના પ્રતિનિધિ છે અને તેમના નિવાસસ્થાન બહાર આ પ્રકારનું પ્રદર્શન યોગ્ય નથી. પેપર લીક મુદ્દે વિરોધ દરમિયાન રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિત અનેક વિપક્ષી નેતાઓએ પ્રદર્શન કર્યું હતું. બાદમાં પોલીસે તમામ નેતાઓને અટકાયતમાં લઈને પછી મુક્ત કર્યા હતા.

# શિવસેના (યુબીટી)ની અરજી પર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરશે

નવી દિલ્હી, તા. ૨૨

સુપ્રીમ કોર્ટે શિવસેના (યુબીટી) દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરવા સંમતિ આપી છે. અરજીમાં એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં છ સાંસદોના વિલયને મંજૂરી આપવાના લોકસભા અધ્યક્ષના નિર્ણયને પડકારવામાં આવ્યો છે. અદાલતે લોકસભા અધ્યક્ષના કાર્યાલય સહિત સંબંધિત પક્ષોને નોટિસ જારી કરીને જવાબ માંગ્યો છે અને બે અઠવાડિયા બાદ આગામી સુનાવણી નક્કી કરી છે. શિવસેના (યુબીટી)નું કહેવું છે કે આ વિલય પક્ષપલટા વિરોધી કાયદાના દાયરામાં આવે છે અને બળવાખોર સાંસદોને ગેરલાયક ઠેરવવા જોઈએ. વિલય બાદ લોકસભામાં શિંદે જૂથના સાંસદોની સંખ્યા વધીને ૧૩ થઈ ગઈ છે.

# નીટ પેપર લીક મુદ્દે પટણામાં ચાલી રહેલુ વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન હિંસક બન્યું

પટણા, તા.૨૨

નીટ પેપર લીક મુદ્દે કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે પટણામાં વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન હિંસક બન્યું. રાજભવન તરફ કૂચ દરમિયાન પોલીસે બેરિકેડ લગાવી વિદ્યાર્થીઓને રોકતા બંને પક્ષ વચ્ચે અથડામણ સર્જાઈ હતી. પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે પોલીસે લાઠીચાર્જ, ટીયર ગેસના શેલ અને પાણીના મારોનો ઉપયોગ કર્યો હતો.



શહેરના અનેક વિસ્તારોમાં તણાવનો માહોલ સર્જાયો હતો. અથડામણ દરમિયાન કેટલાક પત્રકારો અને પોલીસ કર્મચારીઓ પણ ઘાયલ થયા હોવાનું સામે આવ્યું છે. વિદ્યાર્થીઓએ પોતાની માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચેતવણી આપી છે.

# ઈરાન યુધ્ધમાં અમેરિકાનો ખર્ચ ૩૭.૫ બિલિયન સુધી પહોંચ્યો : યુએસ સંરક્ષણ મંત્રાલય

**ત્રણ અમેરિકન સૈનિકોના મોત, જ્યારે કુલ મૃત્યુઆંક ૧૭ પર પહોંચ્યો**



વોશિંગ્ટન, તા.૨૨

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુધ્ધ વચ્ચે અમેરિકાના સંરક્ષણ વિભાગે જણાવ્યું છે કે અત્યાર સુધીમાં યુદ્ધ માટે અંદાજે ૩૭.૫ બિલિયનનો ખર્ચ થયો છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડે હોર્મુઝ વિસ્તારમાં સતત હુમલા ચાલુ રાખ્યા છે અને ઈરાનના વિમાન હેંગર તેમજ ડ્રોન સંગ્રહ સ્થળોને નિશાન બનાવ્યા છે. સંરક્ષણ સચિવ પીટ હેગસેથે જણાવ્યું કે યુધ્ધ આગળ ચલાવવા માટે વધારાના ભંડોળની જરૂર છે, નહીં તો નાણાકીય મુશ્કેલી સર્જાઈ શકે છે. પેન્ટાગોનના જણાવ્યા મુજબ સંઘર્ષમાં વધુ ત્રણ અમેરિકન સૈનિકોના મોત થયા છે, જ્યારે કુલ મૃત્યુઆંક ૧૭ પર પહોંચ્યો છે અને ૧૦૦થી વધુ સૈનિકો ઘાયલ થયા છે. બીજી તરફ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે ઈરાન વાતચીત ઈચ્છે છે, પરંતુ અર્થપૂર્ણ ચર્ચા માટે યોગ્ય સ્થિતિ સર્જાય ત્યાં સુધી અમેરિકા કોઈ વાટાઘાટ કરશે નહીં. તેમણે દાવો કર્યો કે સતત હુમલાઓથી ઈરાન પર ભારે દબાણ વધ્યું છે.

# સોનમ વાંગચુકના સમર્થનમાં વિશ્વના અનેક શહેરોમાં બેનરો સાથે દેખાવો

વોશિંગ્ટન, તા.૨૨

નીટ પરીક્ષામાં કથિત ગેરરીતિઓના વિરોધમાં દિલ્હીમાં અનિશ્ચિત ઉપવાસ પર રહેલા સોનમ વાંગચુકના સમર્થનમાં અમેરિકા સહિત અનેક દેશોમાં પ્રદર્શન યોજાયા. ન્યૂ યોર્ક અને સેન જોસમાં મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે કાર્યકરો એકત્ર થયા અને બેનરો સાથે વિરોધ નોંધાવ્યો. પ્રદર્શનકારીઓએ



વિદ્યાર્થીઓને ન્યાય મળે અને શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શિતા લાવવાની માંગ કરી હતી. લંડનમાં ભારતીય હાઈ કમિશન અને ડબલિનમાં ભારતીય દૂતાવાસ બહાર પણ સમાન દેખાવો થયા હોવાનું જણાવાયું છે. સંગઠને કહ્યું કે ભારતીય યુવાનોને ન્યાયપૂર્ણ વ્યવસ્થા અને ખુલ્લા સંવાદનો અધિકાર મળવો જોઈએ. લાંબા ઉપવાસને કારણે સોનમ વાંગચુકની તબિયત બગડતાં તેમને જંતર-મંતર પરથી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બાદમાં અદાલતના આદેશથી તેમને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. આ દરમિયાન વિવિધ વિરોધ પક્ષોએ પણ વિદ્યાર્થી આંદોલનને સમર્થન આપતાં સરકાર સામે વિરોધ વધુ તેજ બનાવ્યો છે.

**સંભવિત પૂર જેવી સ્થિતિને પહોંચી વળવા એસડીઆરએફની ટીમ તૈનાત**

# વલસાડ સહિત દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ, અનેક વિસ્તારોમાં પાણી ભરાયા

વલસાડ, તા.૨૨

વલસાડ શહેર અને સમગ્ર તાલુકામાં સતત ધોધમાર વરસાદને કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે. વલસાડથી અતુલ તરફ જતા રાજ્ય ધોરીમાર્ગ પર પારનેરા ગામ નજીક ઘૂંટણસમા પાણી ભરાઈ જતા વાહનવ્યવહારને ભારે અસર પહોંચી છે. અનેક વાહનો પાણીમાં બંધ પડી જતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ભારે વરસાદને પગલે વહીવટી તંત્ર એલર્ટ બન્યું છે અને સંભવિત પૂર જેવી સ્થિતિને પહોંચી વળવા એસડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી છે. નીચાણવાળા વિસ્તારોમાં સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂર પડે તો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની તૈયારી રાખવામાં આવી છે. ડાંગ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અંબિકા, પૂર્ણા, ગીરા અને ખાપરી નદીઓમાં જળસ્તર વધી જતા અનેક માર્ગો પર પાણી ફરી વળ્યા છે.



સુસરદા, ચિખલદા અને આંબાપાડા સહિતના વિસ્તારોને જોડતા નીચા કોઝવે પાણીમાં ગરકાવ થતાં વાહનવ્યવહાર બંધ કરાયો છે. લોકોને જોખમ ન લેવા અને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાની અપીલ કરવામાં આવી છે.

નવસારી જિલ્લામાં સતત વરસાદને કારણે પૂર્ણા નદીની જળસપાટી વધીને ૧૫ ફૂટ સુધી પહોંચી છે. પૂર જેવી સ્થિતિ સર્જાય તો તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી શકાય તે માટે બચાવ દળોને તૈયાર રાખવામાં આવ્યા છે.

વલસાડ જિલ્લાના કપરાડા અને મધુબન ડેમના કેચમેન્ટ વિસ્તારમાં ભારે વરસાદ નોંધાયો છે. કપરાડામાં ૧૬ ઈંચથી વધુ વરસાદ વરસતા મધુબન ડેમમાં પાણીની આવક ઝડપથી વધી છે. ડેમની જળસપાટી વધતા દરવાજા ત્રણ મીટર સુધી ખોલવામાં આવ્યા છે. નદી કાંઠાના ગામોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે.

કાવેરી નદીનું જળસ્તર પણ સતત વધી રહ્યું છે અને નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા છે. વાપીમાં પણ ભારે વરસાદથી રેલવે અંડરપાસ પાણીમાં ગરકાવ થઈ જતા વાહનવ્યવહાર ખોરવાયો છે.

હવામાન વિભાગે આગામી કલાકોમાં પણ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરતાં સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વહીવટી તંત્રને સજ્જ રહેવા સૂચના આપવામાં આવી છે.

## અમદાવાદના બહેરામપુરામાં અંગત અદાવતમાં યુવકની હત્યા કરાઈ

અમદાવાદ, તા.૨૨

અમદાવાદના બહેરામપુરાના સંતોષનગર વિસ્તારમાં મોડી રાત્રે અંગત અદાવતમાં એક યુવકની તીક્ષ્ણ હથિયારથી હત્યા થતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. મૃતકની ઓળખ હુસેન સૈયદ તરીકે થઈ છે. પ્રાથમિક તપાસ મુજબ જૂની અદાવતને કારણે બંને વચ્ચે બોલાચાલી થયા બાદ હુમલો કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં દાણીલીમડા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. પોલીસે મુખ્ય આરોપી સોહેલ પઠાણને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપી પોતાના સંબંધીના ઘરે આવ્યો હતો. ત્યારબાદ બહાર નીકળતાં મૃતક સાથે થયેલો વિવાદ ઉગ્ર બનતાં હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર ઈજાના કારણે હુસેન સૈયદનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. પોલીસે ચોક્કસ કારણ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## અમદાવાદમાં કોંગ્રેસ કાર્યાલય બહાર પ્રદેશ ભાજપ પ્રમુખ, કાર્યકરોનું વિરોધ પ્રદર્શન

અમદાવાદ, તા.૨૨

દિલ્હીમાં વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન નજીક કોંગ્રેસના વિરોધ પ્રદર્શનના મુદ્દે અમદાવાદમાં ભાજપે કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય રાજીવ ગાંધી ભવન બહાર ધરણાં અને વિરોધ પ્રદર્શન યોજ્યું હતું. કાર્યક્રમમાં ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. પ્રદર્શન દરમિયાન કાર્યકરોએ કોંગ્રેસ વિરુધ્ધ સૂત્રોચ્ચાર કરીને પોતાનો વિરોધ




વ્યક્ત કર્યો હતો. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા કોંગ્રેસ કાર્યાલય આસપાસ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. વિવિધ પોલીસ અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યા હતા અને મુખ્ય માર્ગો પર બેરિકેડિંગ કરવામાં આવ્યું હતું. દિલ્હીની ઘટનાને લઈને ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય માહોલ ગરમાયો છે. બંને પક્ષો પોતાના પક્ષના સમર્થનમાં કાર્યક્રમો યોજી રહ્યા છે. જોકે સમગ્ર વિરોધ કાર્યક્રમ પોલીસની દેખરેખ હેઠળ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયો હતો.

## અમદાવાદમાં NEET પેપર લીક મુદ્દે કોંગ્રેસ અને વિદ્યાર્થીઓનો ઉગ્ર વિરોધ

**પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે ઘર્ષણના દૃશ્યો સર્જાયા**

અમદાવાદ,તા.૨૨

NEET પેપર લીક મુદ્દે અમદાવાદમાં કોંગ્રેસ અને વિદ્યાર્થીઓએ મંગળવારે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. સવારે રાજીવ ભવન નજીક કોંગ્રેસના આગેવાનોએ વિરોધ નોંધાવ્યો હતો, જ્યારે બપોર બાદ ગુજરાત યુનિવર્સિટી પાસે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એકત્ર થયા હતા. પ્રદર્શન દરમિયાન પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે ઘર્ષણના દૃશ્યો સર્જાયા હતા. સ્થિતિ કાબૂમાં લેવા પોલીસે અનેક પ્રદર્શનકારીઓની અટકાયત કરી બસોમાં ભરી લઈ ગયા હતા. જોકે કેટલાક કાર્યકરો પોલીસની નજરચૂક બાદ ફરી એકત્ર થઈ સરકાર વિરુદ્ધ નારેબાજી કરી હતી. પ્રદર્શનકારીઓએ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે વિદ્યાર્થીઓને ન્યાય આપવાની માંગ ઉઠાવી હતી.

## સુરત ડીસીપી રાજદીપસિંહ નકુમ સામે હાઈકોર્ટે સુઓમોટોની કાર્યવાહી શરૂ કરી

સુરત, તા.૨૨

સુરતમાં હત્યાના પ્રયાસના કેસમાં ઝડપાયેલા પાંચ આરોપીઓને જાહેરમાં સરઘસ કાઢી માર મારવાના મામલે ગુજરાત હાઈકોર્ટે સ્વપ્રેરિત કાર્યવાહી શરૂ કરી છે. વરિષ્ઠ વકીલ ઉત્કર્ષ દવેની રજૂઆત બાદ હાઈકોર્ટે સમગ્ર ઘટનાની ગંભીરતા ધ્યાનમાં લઈ કાર્યવાહી હાથ ધરી છે.



રજૂઆતમાં જણાવાયું છે કે આરોપીઓ સાથે જાહેરમાં થયેલું વર્તન સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા અને બંધારણીય અધિકારોના ઉલ્લંઘન સમાન હોઈ શકે છે. ૧૩ જુલાઈએ સલાબતપુરા વિસ્તારમાં પોલીસ દ્વારા આરોપીઓને જાહેર રસ્તા પર ફેરવવામાં આવ્યા હતા. ઘટનાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ મામલો ચર્ચામાં આવ્યો હતો.

પત્રમાં ધરપકડ દરમિયાન આરોપીઓના અધિકારો અંગેના સુપ્રીમ કોર્ટના મહત્વના ચુકાદાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સાથે જ પોલીસના વર્તન અંગેની રાજ્ય પોલીસની સૂચનાઓનું પાલન થયું હતું કે નહીં તેની પણ તપાસ થશે. કાનૂની નિષ્ણાતોના મતે, નિયમોના ભંગની પુષ્ટિ થશે તો જવાબદાર અધિકારીઓ સામે વિભાગીય તેમજ કાનૂની કાર્યવાહી થઈ શકે છે.

## જૈશ-એ-મોહમ્મદના શંકાસ્પદ બે આતંકવાદી વડોદરાની હોટલમાં રોકાયા હોવાની માહિતી મળી

વડોદરા, તા.૨૨

ગુજરાત એટીએસ દ્વારા જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા શંકાસ્પદ આતંકી નેટવર્કની તપાસ દરમિયાન વડોદરાથી મહત્વની માહિતી સામે આવી છે. પ્રાથમિક તપાસ મુજબ ઝડપાયેલા શંકાસ્પદોમાંથી બે વ્યક્તિઓ વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં આવેલી એક હોટલમાં રોકાયા હતા. આ માહિતી બાદ




સુરક્ષા એજન્સીઓએ તપાસ વધુ સઘન બનાવી છે.

તપાસમાં જાણવા મળ્યું છે કે કાશ્મીરથી એક શંકાસ્પદ વ્યક્તિને વડોદરા બોલાવી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અહમદ ગાજિવાલા અને ઈબ્રાહિમ ઘઘા સહિત કેટલાક શંકાસ્પદ લોકો હાજર રહ્યા હોવાની માહિતી મળી છે. તપાસ એજન્સીઓ બેઠકનો હેતુ, તેમાં થયેલી ચર્ચા અને અન્ય સંભવિત સંપર્કોની માહિતી એકત્રિત કરી રહી છે.

આ મામલે હોટલ સંચાલનની ભૂમિકા, મહેમાનોની નોંધણી અને ઓળખ સંબંધિત નિયમોનું પાલન થયું હતું કે નહીં તેની પણ તપાસ ચાલી રહી છે. પાલનપુર વિસ્તાર સાથે જોડાયેલી કેટલીક કડીઓ પણ સામે આવતા તપાસ એજન્સીઓ ડિજિટલ પુરાવા, મુસાફરીની વિગતો અને સંપર્કોના આધારે સમગ્ર નેટવર્કની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

## લીંબડીના ઉંટડી ગામે સરપંચના પતિ અને ઉપસરપંચ રૂ. ૫ લાખની લાંચ લેતા ઝડપાયા

સુરેન્દ્રનગર, તા. ૨૨

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના ઉંટડી ગામમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ ટ્રેપ ગોઠવી સરપંચના પતિ સંજયભાઈ પ્રતાપભાઈ કમેજળીયા અને ઉપસરપંચ સુનીલભાઈ સુભાષભાઈ કટુડીયાને રૂ. ૫ લાખની લાંચ લેતા ઝડપી પાડ્યા છે. ફરિયાદી પાસેથી રેતી કાઢવાની મંજૂરી આપવા બદલ પ્રતિ ટ્રક રૂ. ૧,૦૦૦ લાંચની માંગ



કરવામાં આવી હતી. બાદમાં સોદો રૂ. ૫ લાખમાં નક્કી થયો હતો. ફરિયાદીએ લાંચ આપવા ઈનકાર કરી એસીબીમાં ફરિયાદ નોંધાવતા અધિકારીઓએ લીંબડી હાઈવે નજીક ટ્રેપ ગોઠવી હતી. ટ્રેપ દરમિયાન સંજયભાઈએ ફરિયાદી પાસેથી રૂ. ૫ લાખ સ્વીકારતા જ એસીબીએ તેમને રંગેહાથ ઝડપી લીધા હતા. તપાસ દરમિયાન મોબાઈલ પર થયેલી વાતચીતના આધારે ઉપસરપંચ સુનીલભાઈ પણ સ્થળે પહોંચતા તેમની પણ ધરપકડ કરવામાં આવી હતી. બંને સામે ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## જૂનાગઢના ચર્ચાસ્પદ કેસમાં કિરીટ પટેલ અને દિલાવર ધંધુકીયા દોષિત જાહેર

જૂનાગઢ,તા.૨૨

જૂનાગઢમાં મે ૨૦૧૭ દરમિયાન બનેલા ચર્ચાસ્પદ કેસમાં સ્થાનિક અદાલતે મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો છે. ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખ, વર્તમાન પ્રદેશ યુવા નેતા તેમજ જૂનાગઢ જિલ્લા સહકારી બેંકના ચેરમેન કિરીટ પટેલ અને સહ-આરોપી દિલાવર ધંધુકીયાને સરકારી કામગીરીમાં અડચણ ઊભી કરવા તેમજ સરકારી કચેરીમાં ફરજ બજાવી



રહેલા અધિકારી પર શારીરિક હુમલો કરવાના ગુનામાં અદાલતે દોષિત ઠેરવ્યા છે. કેસની સુનાવણી દરમિયાન રજૂ થયેલા પુરાવા અને સાક્ષીઓના આધારે અદાલતે આ નિર્ણય આપ્યો હતો.

## વડોદરના સગીરે ફરવા અને કપડાના શોખને કારણે વૃધ્ધની હત્યા કરી

વડોદરા,તા.૨૨

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના કરચીયા ગામની સીમમાં ૬૬ વર્ષીય વૃધ્ધની હત્યાનો ભેદ પોલીસે ઉકેલી કાઢ્યો છે. તપાસ દરમિયાન ૧૭ વર્ષીય સગીરની સંડોવણી સામે આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ સગીરને દમણ ફરવા જવું હતું તેમજ નવા કપડાં, બૂટ અને અન્ય વસ્તુઓ ખરીદવા માટે



પૈસાની જરૂર હતી. તેણે વૃધ્ધ પર લાકડી વડે હુમલો કરી હત્યા કર્યા બાદ તેમના બે બકરાં ચોરી લીધા હતા. બાદમાં બકરાં ૯,૩૦૦ રૂપિયામાં વેચી તે રકમથી ખરીદી કરી અને દમણની સફર કરી આવ્યો હતો. ઘટનાસ્થળેથી મળેલી લોહીવાળી લાકડી અને અન્ય પુરાવાના આધારે પોલીસે સગીરને ઝડપી લીધો છે. ગુનામાં વપરાયેલ હથિયાર તેમજ ખરીદેલો સામાન જપ્ત કરી સગીર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ચૈતર વસાવાના પત્ની શકુંતલા સહિત પાંચને જામીન મળ્યા

અમદાવાદ,તા.૨૨

આપના નેતા અને નર્મદાના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા, તેમના પત્ની શકુંતલા વસાવા સહિતના આરોપીઓ સામે નર્મદા પોલીસે જમીન બાબતે ફોરેસ્ટ વિભાગના ઓફિસરને ઘરે બોલાવીને માર મારવા, ધમકાવવા અને હવામાં ગોળીબાર કરવાનો ગુનો નોંધાયો હતો. નર્મદાની કોર્ટે આ કેસમાં ચુકાદો આપતા ધારાસભ્ય ચૈતર વસાવા અને તેમના પત્ની શકુંતલા વસાવા સહિત ૯ આરોપીને ૦૭ વર્ષની કેદની સજા ફટકારી હતી.



આ કેસમાં ચૈતર વસાવાની પત્ની શકુંતલા વસાવા સહિત કેટલાક દોષિતોએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેને લઈ હાઈકોર્ટે આજે શંકુતલા વસાવા સહિત ૫ દોષિતને જામીન આપ્યા છે.

## ગાંધીનગરમાં ૩૦૧ રાજ્ય વેરા નિરીક્ષકોને મુખ્યમંત્રીના હસ્તે નિમણૂંક પત્રો સોંપાયા

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર ખાતે બુધવારે યોજાયેલા સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે GPSC દ્વારા પસંદગી પામેલા ૩૦૧ રાજ્ય વેરા નિરીક્ષકોને નિમણૂક પત્રો અર્પણ કર્યા હતા. કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, નાણા મંત્રી કનુ દેસાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ તમામ નવનિયુક્ત અધિકારીઓને




અભિનંદન પાઠવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'Refrom, Perfrom, Transfrom' મંત્રને અનુસરવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે સરકારી નોકરી ગૌરવની સાથે મોટી જવાબદારી પણ છે અને જનસેવાની ભાવનાથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવી જોઈએ. તેમણે જણાવ્યું કે ૨.૩૫ લાખ ઉમેદવારોમાંથી માત્ર ૩૦૧ ઉમેદવારોની પસંદગી તેમની મહેનત અને પ્રતિભાનું પ્રતિબિંબ છે. રાજ્યના વિકાસ માટે નાણાં વિભાગની ભૂમિકા મહત્વપૂર્ણ હોવાનું પણ તેમણે જણાવ્યું હતુ.

**ઉપમુખ્યમંત્રી, નાણામંત્રી સહિતના મહાનુભાવો હાજર રહ્યા**

